

અમે તો ભગવાનને અનુસરીને તને આ કહીએ છીએ માટે તું નિઃસંદેહ થા; વિશ્વાસ લાવ, પંચ આરો કે ઓછા પુણ્ય કે ઓછપને લક્ષમાં ન લે. તું પૂરણ પરમાત્મતત્ત્વ છો ને તેપણે પરિણમવાને લાયક જ છો.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૨૨ સં. ૨૦૫૯ [૭૦૯] * આત્મધર્મ * [અંક-૫ વર્ષ-૫૯] વીર સં. ૨૫૨૯ નવેમ્બર-૨૦૦૨

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ તીન લોકમેં જિતને દુ:ખ હૈં, પાપ હૈં ઔર અશુચિ વસ્તુયેં હૈં, ઉન સબકો લેકર ઇન મિલે હુઓંસે વિધાતાને વૈર માનકર શરીર બનાયા હૈ. ૭૫૧.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૨, ગાથા-૧૫૦)*

❀ જેમ પાકું ફળ ડીંટાથી એકવાર છૂટું પડ્યું થકું ફરીને ડીંટા સાથે સંબંધ પામતું નથી, તેમ કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ જીવભાવથી એકવાર છૂટો પડ્યો થકો ફરીને જીવભાવને પામતો નથી. આ રીતે જ્ઞાનમય એવો, રાગાદિક સાથે નહિ મળેલો ભાવ ઉત્પન્ન થાય છે. ૭૫૨.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૧૬૮)*

❀ ઇચ્છિત ફળ દેનાર અને વિષય-વાસનાની ઇચ્છાનો નાશ કરનાર દેવોના દેવ—અરહંતદેવના ચરણમાં સર્વ દુ:ખોને નાશ કરનારી પૂજા આદરયુક્ત-ભક્તિયુક્ત થઈને હંમેશા પ્રતિદિન કરવી જોઈએ. ૭૫૩.

*(શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૧૧૯)*

❀ સમ્યગ્જ્ઞાની અન્ય સાથે બોલતાં, હસતાં, ચાલતાં, શાસ્ત્રને ભણાવતાં કે ભણતાં, આસન શયન કરતાં, શોકને, રૂદનને, ભયને, ભોજનને, ક્રોધ-લોભાદિને કર્મવશતાથી કરતાં છતાં શુદ્ધ ચિદ્રૂપ ચિંતનને તે અર્ધક્ષણ માટે પણ તજતા નથી. ૭૫૪. *(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાનતરંગિણી, અધ્યાય-૪૧, ગાથા-૨૧-૨૨)*

❀ હે અજ્ઞાની મનુષ્ય ! આ સમસ્ત જગત ઇન્દ્રજાળ સમાન વિનશ્વર અને કેળના થડ સમાન નિ:સાર છે. આ વાત શું તું નથી જાણતો ? શું શાસ્ત્રમાં સાંભળ્યું નથી ? અને શું પ્રત્યક્ષ નથી દેખતો ? અર્થાત્ તમે એને અવશ્ય જાણો છો, સાંભળો છો અને પ્રત્યક્ષપણે પણ દેખો છો તો પછી ભલા અહીં પોતાના કોઈ સંબંધી મનુષ્યનું મરણ થતાં શોક કેમ કરો છો ? અર્થાત્ શોક છોડીને એવો કાંઈક પ્રયત્ન કરો કે જેથી શાશ્વત, ઉત્તમ સુખના સ્થાનભૂત મોક્ષને પામી શકો. ૭૫૫. *(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, અનિત્ય પંચાશત, શ્લોક-૧૨)*

❀ જે કોઈ નિકટ સંસારી સમ્યગ્દષ્ટિ જીવો નિરંતર શુદ્ધ જ્ઞાનરૂપ પરિણમે છે, અનેક પ્રકારની ક્રિયાને મોક્ષમાર્ગ જાણી કરતા નથી; (ભાવાર્થ આમ છે કે જેમ કર્મના ઉદયે શરીર વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે, તેમ અનેક પ્રકારની ક્રિયા વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે); 'ક્રિયા તો કાંઈ નથી'—એમ જાણી વિષયી-અસંયમી પણ કદાચિત્ થતાં નથી. ૭૫૬.

*(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૧૧)*

કહાન
સંવત-૨૨
વર્ષ-૫૯
અંક-૫
[૭૦૯]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૨૮
સં. ૨૦૫૮
November
A.D. 2002


# શુદ્ધાત્મ–અવલોકન

(શ્રી નિયમસાર ગાથા-૩૮ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૩૦-૧-૭૮)

શ્રી નિયમસારશાસ્ત્રમાં આ શુદ્ધભાવ અધિકાર શરૂ થાય છે. શુદ્ધભાવ એટલે શું ? પુણ્ય–પાપના જે અશુદ્ધભાવ તેનાથી રહિત થઈ પર્યાયમાં જે શુદ્ધભાવ પ્રગટે છે તેની આ વાત નથી. શુભ–અશુભભાવ અશુદ્ધ છે તે અપેક્ષાએ આત્માની સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય શુદ્ધ છે, પણ તેની અહીં વાત નથી. અહીં ત્રિકાળી શુદ્ધભાવની વાત છે. શુદ્ધભાવ એટલે પરમપારિણામિકસ્વભાવભાવ કે જે ભૂતાર્થ છે, જ્ઞાયક છે, ત્રિકાળી શુદ્ધ ધ્રુવ છે. આત્માનું જે ત્રિકાળી ધ્રુવસ્વરૂપ છે તેને શુદ્ધભાવ કહે છે. તેના આશ્રયથી જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ નિર્મળ પર્યાય–મોક્ષમાર્ગરૂપ કહે છે તેના આશ્રયથી જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ નિર્મળ પર્યાય–મોક્ષમાર્ગરૂપ શુદ્ધ પર્યાય છે તેની અહીં વાત નથી. અહીં તો શુદ્ધ પર્યાય પણ આશ્રય કરવાલાયક નથી તેથી હેય છે, એમ બતાવ્યું છે. નિમિત્ત તો હેય છે, નિમિત્ત તરફનો શુભાશુભભાવ પણ હેય છે પરંતુ દ્રવ્યના આશ્રયથી પર્યાયમાં શુદ્ધ મોક્ષમાર્ગ થાય છે એટલે કે ઉદયભાવ તો અશુદ્ધ જ છે પણ ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવરૂપ સમ્યગ્દર્શન જ્ઞાન चारित्राणि मोक्षमार्गः—નિર્મળ પર્યાય તેને પણ અહીં હેય કહે છે. અહીં ત્રિકાળી શુદ્ધભાવનો આ અધિકાર છે. તેમાં પ્રથમ હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપને સમજાવે છે :

**जीवादिबहितच्चं हेयमुवादेयमप्पणो अप्पा ।**
**कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो ॥३८॥**

**છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,**
**—જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાય વ્યતિરિક્ત છે. ૩૮.**

ટીકા :—આ હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે. જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી. સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખમણિ છે, પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે, પાંચ ઈન્દ્રિયોના ફેલાવે રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે. જે પરમ જિનયોગીશ્વર છે, સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે—એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે. ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર હોવાથી જે (કારણ-પરમાત્મા) દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ ઉપાધિથી જનિત ગુણ પર્યાયો વિનાનો છે, તથા અનાદિ—અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળો શુદ્ધ—સહજ—પરમ—પારિણામિક ભાવ જેનો સ્વભાવ છે—એવો કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે. અતિ—આસન્ન ભવ્યજીવોને એવા નિજપરમાત્મા સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.

આ હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે. જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.

છોડવા લાયક શું છે? આશ્રય કરવા લાયક શું છે? ઉપાદેય કરવા લાયક કોણ છે? તેનું અહીં કથન છે. વાત સૂક્ષ્મ છે. જીવાદિ સાત તત્ત્વોમાં જીવ કોણ? તો કહે છે કે વ્યવહાર જીવ અર્થાત્ જીવનો ક્ષયોપશમનો અંશ તે જીવ, શરીર, કર્મ આદિ અજીવ સંબંધી વિકલ્પ તે અજીવ, પુણ્ય—પાપના ભાવ અશુદ્ધ છે, તે આસ્રવ—બંધ તે તો બર્હિતત્ત્વ છે જ પણ અંદરમાં સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રનો—આનંદનો સ્વાદ આવ્યો તે પર્યાય પણ બહિર્તત્ત્વ છે, ત્રિકાળી આત્મા જ અંતઃતત્ત્વ છે. જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ કહેતાં અહીં જીવમાં ક્ષયોપશમના અંશને જીવની પર્યાય લેવી; ને સંવર, નિર્જરા ને મોક્ષ એ પણ બહિર્તત્ત્વ છે, તેનો આશ્રય કરવા લાયક નથી, આશ્રય કરવા લાયક તો એક ત્રિકાળીભાવ એ જ પરમાર્થજીવ છે કે જેનાથી મોક્ષમાર્ગ ઉત્પન્ન થાય છે, તે જ એક ઉપાદેય છે. આહાહા! શું વાત કરી છે!

ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ને પારિણામિક એ પાંચ ભાવ છે. તેમાં પારિણામિકભાવ ત્રિકાળી ધ્રુવ છે, તે સિવાય ચારે ભાવ જીવાદિ બહિર્તત્ત્વ છે. જિનસ્વરૂપી ત્રિકાળી આત્મા, વીતરાગ, અકષાયમૂર્તિ પ્રભુ, પરમપારિણામિકભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, એકરૂપભાવ તેને અહીં શુદ્ધભાવ કહેવાય છે. તેનાથી જીવાદિ સાતતત્ત્વો બાહ્ય—હેય—ભિન્ન છે. નિમિત્ત તો હેય છે જ કારણ કે તે પરદ્રવ્ય છે, આત્માને કદી અડ્યું જ નથી અને આત્માની પર્યાય કદી એ પરદ્રવ્યને અડી જ નથી

પણ રાગાદિ વિકારભાવ, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ તે બધો અશુદ્ધભાવ છે એ પણ બહિર્તત્ત્વ છે અને અંતરમાં જે પરિપૂર્ણ સ્વરૂપ છે તેના સ્વભાવના આશ્રયથી અનુભવ થયો–વીતરાગ પર્યાય થઈ–કે જે જૈનપણું છે—તેને પણ અહીં જીવાદિ બહિર્તત્ત્વોમાં નાખીને હેય કહેવામાં આવી છે.

આહાહા ! આ કથન તો જુઓ ! વીતરાગી સંત વિના ક્યાંય આવી વાત જ છે નહીં, આ અંતરની વાત છે. નિશ્ચય સમ્યગ્દર્શન વિના, આત્મઅનુભવ વિના એકલા વ્યવહારરત્નત્રયરૂપ તપ ને વ્રત એ સાધન છે, એનાથી નિશ્ચયરત્નત્રય સાધ્ય થાય છે એમ જે કહે છે તે મિથ્યા છે. શાસ્ત્રમાં ભિન્ન સાધ્યસાધનનું કથન આવે છે ત્યાં નિમિત્તનું જ્ઞાન કરાવવા ક્યો ભાવ ત્યાં છે—એ સમજાવ્યું છે. અહીં તો કહે છે કે સમકિત હો, કેવળજ્ઞાન હો, મોક્ષતત્ત્વની પર્યાય હો, તે પણ જીવાદિ બહિર્તત્ત્વમાં–પરદ્રવ્યમાં જાય છે. પરદ્રવ્ય કેમ ?–કે જેમ પરદ્રવ્યમાંથી પોતાની વીતરાગી નિર્મળ પર્યાય પ્રગટ ન થાય એમ એ નિર્મળ પર્યાયમાંથી પણ નિર્મળ પર્યાય પ્રગટ ન થાય તેથી એ પર્યાયને અહીં પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે.

મોક્ષમાર્ગ કે જે નિશ્ચય મોક્ષમાર્ગની નિર્વિકલ્પ વીતરાગી પર્યાય છે, એ ઉપાય છે અને તેનું ઉપેય જે મોક્ષ છે તે પણ પર્યાય છે, તે પર્યાયને પણ અહીં પરદ્રવ્ય કહ્યું છે. છે તો ઝીણું પણ આવું ઝીણું સમજ્યા વિના તત્ત્વ પકડાશે નહિ.

જેમ સક્કરકંદમાં ઉપરની જે છાલ છે તે ન જુઓ તો અંદરમાં એકલી સાકરની મીઠાશનો પિંડ છે, એમ ભગવાન આત્માને પુણ્ય-પાપ, દયા-દાનના વિકલ્પની છાલરહિત અંદર જુઓ તો અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ આત્મા દેખાય છે. આહાહા ! અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ છે તે સ્વદ્રવ્ય છે, તે સિવાય કોઈ પણ પર્યાય હો,–ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને ક્ષાયિક સમકિતની પર્યાય હો–તેને અહીં બહિર્તત્ત્વમાં નાખી છે કારણ કે તેનો આશ્રય કરવાથી લાભ નથી. ક્ષાયિક સમકિતની પર્યાય લાભરૂપ છે પણ તેનો આશ્રય કરવાથી–તે પર્યાયનું લક્ષ કરવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે માટે તે આશ્રય કરવા લાયક નથી.

જેમની સભામાં શક્રેન્દ્રાદિ એકાવતારી ઈન્દ્રો અને ગણધરો–સંતો હતા એવા વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિમાં આ વાત આવી છે. અરે આત્મા ! તું કોણ છો ? તું પર્યાય જેવડો છો ? તું રાગ જેવડો છે ?–ના, ના. પર્યાય તો વ્યવહાર-આત્મા છે, એ તું નહિ. શ્રી સમયસારશાસ્ત્રમાં ૧૧મી ગાથામાં ववहारो अभूयत्थो–પર્યાયમાત્રને અભૂતાર્થ–જૂઠી કહી. કઈ અપેક્ષાએ ?–કે ધ્રુવની દૃષ્ટિ કરાવવા મુખ્યને નિશ્ચય કહી,

પર્યાય છે ખરી પણ તેને ગૌણ કરી વ્યવહાર કરીને તે નથી એમ કહ્યું છે, તદ્દન છે જ નહીં એમ નથી પણ ગૌણ કરીને અભૂતાર્થ કહી છે. એ જ વાત અહીં લીધી છે કે જેટલી પર્યાય છે એ બધી બહિર્તત્ત્વ હોવાથી પરદ્રવ્ય છે તેથી ઉપાદેય નથી.

શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવે મૂળ પાઠમાં તો 'बहितत्त्वं हेयम्' એમ કહ્યું છે પણ શ્રી પદ્મપ્રભમલધારિદેવે અર્થમાં ''ખરેખર ઉપાદેય નથી'' એમ લીધું છે. હેય છે તેનો હેતુ બતાવવા તે ઉપાદેય નથી—આશ્રય કરવા લાયક નથી એમ કહ્યું. આ શુદ્ધભાવ અધિકાર છે તેથી ત્રિકાળી શુદ્ધ પ્રભુ છે તે સ્વદ્રવ્ય છે અને એ અપેક્ષાએ પર્યાયમાત્રને બહિર્તત્ત્વ કહી પરદ્રવ્ય કહ્યું છે. આહાહા ! આવી અદ્ભુત વાત છે. આમાં કોની સાથે ચર્ચા કરવી ? લોકો સમજે નહીં ને કહે કે આ એકાંત છે તો કહે છે કે બાપુ ! તું ભગવાન છો, ભગવાનસ્વરૂપ છો, તારી પર્યાયમાં ભૂલ છે તે એક સમયની ભૂલ છે, ભગવાન ત્રિકાળી નિર્ભૂલ છે. પર્યાયમાં ભૂલનું જોર ગમે તેટલું હો પણ તે એક સમય જ રહે છે, બીજે સમયે ભલે એવી ને એવી પણ બીજી જ થાય છે. અરે ! કેવળજ્ઞાન પણ જે એક સમયે ઉત્પન્ન થાય છે તે બીજે સમયે એનું એ નથી રહેતું, ભલે' એવું ને એવું થાય પણ એ નહીં.

સૂક્ષ્મ લાગે પણ શું થાય ! માર્ગ તો જે હોય તે જણાવાય. સમજમાં ન આવે તેથી માર્ગ કાંઈ બીજો ન થાય. આ તો અનંત કેવળીભગવંતોએ, અનંત તીર્થંકરભગવંતોએ પ્રરૂપેલો માર્ગ છે. ત્રણ કાળ ત્રણ લોકને જાણવાવાળાનો વિરહ ત્રણ કાળમાં ક્યારેય હોતો નથી, અનાદિથી પ્રગટ સર્વજ્ઞ છે. આવા સર્વજ્ઞભગવાનની આ વાણી છે. વર્તમાનના ભગવાનની વાણી હો, ભૂતકાળના ભગવાનની વાણી હો કે ભવિષ્યકાળના ભગવાનની વાણી હો, બધી આ જ પ્રકારની હોય છે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. શ્રી સમયસારશાસ્ત્રમાં કર્તાકર્મ અધિકારની ૭૨મી ગાથામાં શ્રી કુંદકુંદાચાર્યભગવાને કહ્યું છે કે ''પુણ્ય ને પાપભાવ અશુચિ છે'' ને તેના ટીકાકાર ભગવાન અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું છે કે ''ભગવાન આત્મા તો સદાય અતિ નિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ જ છે''—આમ બધાયને ભગવાન કહ્યા છે. તેમાં ત્રણ બોલ—અશુચિ, જડ ને દુ:ખ—લીધા છે. પુણ્ય અને પાપ, વ્યવહારરત્નત્રય પણ, અશુચિ—મેલ છે અને તેની સામે ત્રિકાળી ભગવાન આત્મા તો નિર્મળાનંદ પ્રભુ છે જેને અહીં શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે.

પુણ્ય ને પાપના ભાવ જડ છે કેમ કે ચૈતન્યના અને આનંદના અંશનો તેમાં અભાવ છે. આહાહા ! પ્રભુ ! એકવાર આ વાત તો સાંભળ ! ભલે વ્યવહારરત્નત્રયનો

રાગ હો કે મહાવ્રતનો હો પણ એ રાગ જડ છે કેમ કે ''ભગવાન આત્મા તો સદાય વિજ્ઞાનઘન છે.'' આમ બીજા બોલમાં પણ આત્માને ભગવાન કહ્યો છે. ભગવાન જ્ઞાન ને આનંદસ્વરૂપ છે ને તેનો અંશ રાગમાં નથી. જેમ સૂર્યના કિરણમાં સૂર્યનો પ્રકાશ આવે છે તેમ આત્માના કિરણમાં નિર્મળતા આવવી જોઈએ તેથી મલિનતા છે તે જીવ નથી, અજીવ છે, જડ છે.—આમ શ્રી સમયસારશાસ્ત્રની ૭૨મી ગાથાની ટીકામાં આત્માને ત્રણ વખત ભગવાન આત્મા કહ્યો છે.

અહીં કહે છે કે ભગવાન આત્મા કે જે સ્વદ્રવ્ય છે એના સિવાય જીવાદિ સાતતત્ત્વો પરદ્રવ્ય હોવાથી ખરેખર ઉપાદેય નથી. કેવળજ્ઞાનની પર્યાય પણ ઉપાદેય નથી. જેને કેવળજ્ઞાન નથી એવા સાધકજીવને નય છે તેની વાત છે. નય તો શ્રુતજ્ઞાનીને હોય છે. નિશ્ચય ને વ્યવહાર શ્રુતજ્ઞાનના અંગ છે, શ્રુતપ્રમાણ એ અવયવી છે ને નય નિશ્ચય ને વ્યવહાર તેનો અવયવ છે. એવા નીચલા દશાવાળાને કેવળજ્ઞાનની પર્યાય પણ બહિર્તત્ત્વ છે કારણ કે તેને તેનું લક્ષ કરવા જેવું નથી, તેથી ઉપાદેય નથી.

શ્રી પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે ભાવલિંગ છે તે આત્મા નથી, ત્યાં પણ ત્રિકાળીની વાત લેવી છે. અહીં પણ કહે છે કે ભાવલિંગ–પર્યાય પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી. સમ્યગ્દર્શન વિનાની વ્યવહાર–રાગની ક્રિયાને ઉપાદેય કરવાની વાત કરે તેની તો વાત જ નથી, તે તો વિરોધ જ છે, તેમાં વીતરાગતાની ઉત્પત્તિ નહીં થાય. પણ અહીં તો આગળ વાત કરે છે કે જિનસ્વરૂપ જે ત્રિકાળી છે તેનો અનુભવ થયો તે પણ પર્યાય છે તેથી તે પણ આશ્રય કરવા લાયક નથી, તે કારણે તે ઉપાદેય નથી.

## સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિરોમણિ છે

ટીકાકાર પોતે મુનિ છે એટલે મુનિપણાની વાત લીધી છે. મુનિ કેવા હોય છે, પોતે કેવા છે તે કહે છે. સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ અર્થાત્ શિખરના ઉપરનું રત્ન, ચૂડામણિ છે. પરથી ઉદાસ છે. સમ્યગ્દષ્ટિ પણ પરથી ઉદાસીન હોય છે પણ તેને ત્રણ કષાયનો ભાવ હજુ છે ને મુનિને તો ત્રણ કષાયનો અભાવ છે, ફક્ત એક સંજ્વલન જ બાકી છે તેનાથી પણ તે ઉદાસ છે. જેને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર હોય છે તેને સહજ–સ્વાભાવિક વૈરાગ્ય હોય છે, બાકી બાહ્ય વૈરાગ્યથી સ્ત્રી-પુત્ર-કુટુંબ છોડી દે તે સાચો વૈરાગ્ય નથી. શ્રી સમયસારશાસ્ત્રમાં પુણ્ય–પાપ અધિકાર કહેતાં કહે છે કે પુણ્ય ને પાપ વિરક્ત હો ને સ્વભાવમાં રક્ત હો એને અમે વૈરાગ્ય કહીએ છીએ.

## પરદ્રવ્યથી પરાઙ્મુખ છે

સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનું જે ચૂડામણિ છે એવા જે પરમ જિનયોગીશ્વર છે તે પરદ્રવ્યથી પરાઙ્મુખ છે. આહાહા ! આગળ જે પરદ્રવ્ય કહ્યું, ઉપાદેય નથી એમ કહ્યું તે હવે નાસ્તિથી કહે છે. પરદ્રવ્યથી તો પરાઙ્મુખ છે પણ સ્વદ્રવ્યમાં પરદ્રવ્યરૂપ પર્યાયનો પ્રકાર–ભેદ પડ્યો, તે પરદ્રવ્ય હોવાને લીધે ઉપાદેય નથી તેથી તેનાથી પરાઙ્મુખ છે. ધર્માત્મા સંતો આ રીતે પરદ્રવ્યથી પરાઙ્મુખ છે; સમ્યગ્દષ્ટિ સંતો ધર્માત્મા છે પણ તેમને નીચલા દરજ્જાની અનુભૂતિ છે, અહીં ઉત્કૃષ્ટ અનુભૂતિવાળા મુનિરાજની વાત છે. ચોથે, પાંચમે ગુણસ્થાને અનુભૂતિ છે, આનંદનો અંશ છે પણ મુનિરાજની જે દશા હોય છે તે તેને નથી તેથી ઉગ્ર વૈરાગી તો મુનિરાજને જ અહીં ગણ્યા છે.

સ્વાભાવિક વૈરાગ્યના મહેલના શિખરના જે ચૂડામણિ છે તે પરદ્રવ્યથી પરાઙ્મુખ છે. આહાહા ! ગજબની વાત કરી છે. પહેલાં જીવાદિ સાત તત્ત્વોને પરદ્રવ્ય કહ્યાં. મુનિરાજ તો પરદ્રવ્યથી પરાઙ્મુખ છે જ પરંતુ સમ્યગ્દષ્ટિ પણ એને કહેવાય છે જે પરદ્રવ્યથી પરાઙ્મુખ છે અને સ્વદ્રવ્યથી સન્મુખ છે.–આટલી શરતથી સમ્યગ્દર્શન ને મુનિપણું આવે છે. સંવર, નિર્જરા ને મોક્ષની પર્યાયને અહીં પરદ્રવ્ય કહીને તેનાથી પરાઙ્મુખ મુનિરાજ છે એમ કહે છે.

આ શુદ્ધભાવ અધિકારની ગાથા ચાલે છે. શુદ્ધભાવ જે ત્રિકાળ ધ્રુવ છે તેનું લક્ષ ધર્મીને કદી છૂટતું નથી, ચાહે તે શુભરાગ આવે કે અશુભરાગ આવે, પણ ધ્રુવના ધ્યાનના ધ્યેયથી તેનું લક્ષ કદી છૂટતું નથી. તે કારણથી અહીં કહે છે કે મુનિરાજ તો અંદર પ્રચુર અતીન્દ્રિય આનંદના વેદનમાં મશ્ગૂલ પડ્યા છે તેથી તેઓ પરદ્રવ્યથી પરાઙ્મુખ છે. શ્રી સમયસારશાસ્ત્રની ૪૯મી ગાથામાં અવ્યક્તના છ બોલ આવે છે. તેમાં એક પાંચમો બોલ એવો છે કે ''વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે.'' એવા અવ્યક્ત સ્વભાવના ધ્યાનમાં મસ્ત મુનિરાજ પરદ્રવ્યથી પરાઙ્મુખ છે, પાંચ ઈન્દ્રિયોના વિસ્તાર રહિત છે. શ્રી સમયસારશાસ્ત્રની ૩૧મી ગાથામાં આવ્યું છે કે जो इंदिये जिणित्ता ત્યાં જડ દ્રવ્ય ઈન્દ્રિય, એક એક વિષયને જાણવાવાળી ભાવ ઈન્દ્રિય અને સ્ત્રી–કુટુંબ, ભગવાનની વાણી અને ભગવાન એ બધું ઈન્દ્રિયનો વિષય તે–ઈન્દ્રિય છે; ત્રણેને સંસ્કૃત ટીકામાં ઈન્દ્રિય કહી છે. આ ત્રણેનું લક્ષ છોડીને તેનાથી જ્ઞાનસ્વભાવ ભગવાન ત્રિકાળ ચૈતન્યબ્રહ્મપ્રભુને ભિન્ન જાણે છે તેને જિતેન્દ્રિય કહેવામાં આવે છે. ઈન્દ્રિયનો વિષય ન લે, શરીરથી બ્રહ્મચર્ય પાળે માટે જિતેન્દ્રિય છે–એમ નથી. શરીરથી

બ્રહ્મચર્ય તો અનંતવાર પાળ્યું છે. શ્રી છ ઢાળામાં આવે છે કે—

मुनिव्रत धार अनंतवार ग्रैवक उपजायो ।
पै निज आतमज्ञान विना, सुख लेश न पायो ॥

નગ્ન મુનિપણું—દિગંબર મુનિપણું લઈ, પંચ મહાવ્રતધારી, અઠ્ઠાવીસ મૂળગુણ અનંતવાર પાળ્યા, પણ એ મહાવ્રત ને અઠ્ઠાવીસ મૂળગુણ પાળવાનો ભાવ—એ વિકલ્પ છે, રાગ છે, દુઃખ છે, એ બધું અનંતવાર કર્યું પણ એક આત્મજ્ઞાન વિના સુખ પામ્યો નહીં. લિંગપાહુડમાં તો એમ કહ્યું છે કે એવું દ્રવ્યલિંગ ધારણ કરીને એવું કોઈ ક્ષેત્ર બાકી નથી રાખ્યું કે જ્યાંથી અનંત જન્મમરણ ન કર્યા હોય. સ્વદ્રવ્યના અનુભવ વિના આનંદ આવતો નથી અને તે વિના પંચમહાવ્રતના વિકલ્પ, દ્રવ્યલિંગ એ કાંઈ વસ્તુ નથી, સ્વદ્રવ્યના અનુભવ વિના એ બધું પરદ્રવ્ય છે. પંચમહાવ્રતાદિ દુઃખરૂપ છે. નિર્મળ મોક્ષમાર્ગ પણ જ્યાં આશ્રય કરવા લાયક નથી માટે હેય કહ્યો ત્યાં પુણ્ય—પાપના ભાવ તો દુઃખરૂપ જ છે. શ્રી તત્ત્વાર્થસૂત્રના છઠ્ઠા અધ્યાયમાં મહાવ્રતના પરિણામને આસ્રવ કહ્યા છે અને આસ્રવ છે તે દુઃખ છે. આહાહા ! આવી વાત છે, લોકોને આ આકરૂં લાગે છે તેથી ટીકા કરે પણ વસ્તુસ્વભાવ તો આમ જ છે.

## આત્મા ખરેખર ઉપાદેય છે

અહીં તો કહે છે કે મુનિરાજ તો પરથી સહજ પરાઙ્મુખ છે, પાંચ ઈન્દ્રિયો તરફ તેને લક્ષ નથી, દેહમાત્ર તેને પરિગ્રહ છે. મુનિને શરીર છૂટ્યું જતું નથી, તે સિવાય બીજી કોઈ ચીજ તેમને હોતી નથી. સાચા ભાવલિંગી સંતને વસ્ત્રનો એક ટૂકડો પણ હોતો નથી. વસ્ત્રનો ટુકડો રાખવાનો ભાવ પણ તેમને હોતો નથી. આવું હોવા છતાં વસ્ત્ર રાખી મુનિપણું માને તો તે નિગોદમાં જશે—એમ શ્રી કુંદકુંદાચાર્ય ભગવાને શ્રી અષ્ટપાહુડના સૂત્રપાહુડમાં કહ્યું છે. ''ચીભડાના ચોરને ફાંસીની સજા'' જેવું આ નથી. વસ્ત્ર રાખીને મુનિપણું માને—મનાવે તેને નવે તત્ત્વની ભૂલ છે. વસ્ત્રનો ટુકડો રાખે ત્યાં અજીવનો આટલો સંયોગ તેને રહ્યો જે ખરેખર મુનિને હોતો નથી તેથી ત્યાં અજીવતત્ત્વની ભૂલ થઈ, અને વસ્ત્ર લેવાનો—રાખવાનો વિકલ્પ છે કે જે એવું મુનિની યોગ્યતામાં હોતું જ નથી, તેથી એ વિકલ્પ—આસ્રવની ભૂલ થઈ; અને આવો વિકલ્પ ન હોતાં સંવર વિશેષ હોય છે તેથી તે વિકલ્પપાળાને સંવર મુનિપણાને યોગ્ય નથી તેથી સંવરમાં ભૂલ થઈ—એમ નવે તત્ત્વની ભૂલ તેને સિદ્ધ થાય છે. અહીં તો કહે છે કે મુનિને તો એક દેહમાત્ર પરિગ્રહ છે.

(અનુસંધાન માટે જુઓ પાના નંબર-૧૫ ઉપર)

દ્રષ્ટાંતો દ્વારા

# અધમ તથા અધમાધમ પુરુષનો સ્વભાવ

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૯૩)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે. બંધ અધિકારમાં ૨૧મા પદ્યમાં અધમ પુરુષનો સ્વભાવ દ્રષ્ટાંત દ્વારા સમજાવ્યો છે

'અધમ (મિથ્યાદષ્ટિ) પુરુષનો સ્વભાવ'

जैसैं रंक पुरुषके भायें कानी कोडी धन,
उलुवाके भायैं जैसैं संझा ही विहान है ।
कूकरुके भायैं ज्यौं पिडोर जिखानी मठा,
सूकरुके भायैं ज्यों पुरीष पकवान हैं ॥
बादसके भायैं जैसैं नीमकी निबोरी दाख,
बालकके भायैं दंत–कथा ज्यौं पुरान है ।
हिंसकके भायैं जैसैं हिंसामैं धरम तैसैं,
मूरखके भायैं सुभबंध निरवान है ॥२१॥

અર્થ :—જેમ ગરીબ માણસને એક ફૂટેલી કોડી પણ સંપત્તિ સમાન પ્રિય લાગે છે. ઘુવડને સંધ્યા જ સવાર સમાન ઈષ્ટ લાગે છે. કૂતરાને ઉલટી જ દહીં સમાન રુચિકર હોય છે. ભૂંડને વિષ્ટા પકવાન સમાન લાગે છે, કાગડાને લીંબડાની લીંબોળી જ દ્રાક્ષ સમાન પ્રિય હોય છે, બાળકોને લૌકિકવાર્તાઓ (ગપ્પા) જ શાસ્ત્રની જેમ રુચિકર લાગે છે, હિંસક મનુષ્યને હિંસામાં જ ધર્મ દેખાય છે. તેવી જ રીતે મૂર્ખને પુણ્યબંધ જ મોક્ષ સમાન પ્રિય લાગે છે. (અધમ પુરુષ આવા હોય છે.)

આ બધી અજ્ઞાનીને ઉપમા આપે છે. જેમ રંકપુરુષને એક ફૂટી કોડી મળે તો પણ સંપત્તિ મળી હોય તેવું લાગે છે. ઘુવડને રાત્રિ જ સવાર જેવી લાગે છે. ઘુવડની જેમ વાગોળ અને ચામાચિડિયાને પણ સંધ્યા સવાર સમાન લાગે છે. તેમ અજ્ઞાનીને વ્રત, ભક્તિ આદિ બંધના પરિણામ જ મોક્ષના કારણ સમાન ઈષ્ટ લાગે છે. બનારસીદાસજીએ સંપ્રદાયની માન્યતાને ખૂલ્લી કરી છે કે તેમાં બંધના કારણને મોક્ષના કારણ માનીને સેવવામાં આવે છે.

કૂકરકે ભાયૈં....જેમ કૂતરાને માણસની ઉલટી દહીં જેવી મીઠિ લાગે છે તેથી ઉલટીને ચાટી જાય છે તેમ અજ્ઞાની અષ્ટાહ્નિકા આદિમાં પૂજા કરાવીને પુણ્ય થાય તેના બદલે ધર્મ મનાવીને ખુશી થાય છે, પણ ત્યાં ક્યાં ધર્મ હતો ! ધર્મ તો આત્માનો આશ્રય લઈને પવિત્રતા પ્રગટ કરવી તે ધર્મ છે અને તે નિર્વાણનું કારણ છે.

અજ્ઞાની પુણ્યની ક્રિયામાં મોક્ષ માને છે જે ખરેખર બંધનું કારણ છે. આત્માનો ધર્મ શું છે, તે કેમ પ્રગટ થાય, વીતરાગદેવ શું કહે છે તેની ખબર નથી અને વીતરાગના નામે પુણ્યમાં ધર્મ માને છે.

જેમ ભૂંડને મનુષ્યાદિની વિષ્ટા પકવાન જેવી લાગે છે, કાગડાને લીંબડાની લીંબોળી દ્રાક્ષ જેવી પ્રિય લાગે છે તેમ અજ્ઞાનીને વ્રત, તપ, ભક્તિ, પૂજાદિના શુભભાવ નિર્વાણના કારણ લાગે છે.

શું સમ્મેદશિખરના ભગવાનના પગલાંના દર્શન કરવાથી નિર્વાણ થતો હશે ?

શ્રોતા :—ના સાહેબ.

પૂજ્ય ગુરુદેવશ્રી :—તો જાત્રા કરવા શું કામ જાઓ છો ?

શ્રોતા :—આપ લઈ ગયા હતા સાહેબ.

પૂજ્ય ગુરુદેવશ્રી :—એવો બહુમાનનો, ભક્તિનો, વિનયાદિનો શુભભાવ આવે છે પણ તેનાથી નિર્વાણ થતો નથી, શુભભાવથી ધર્મ પણ ન થાય છતાં શુભભાવ હોય છે. જાત્રા કરવાનો ભાવ શુભ છે તેમ આ વાંચન, શ્રવણ આદિનો ભાવ પણ શુભ છે તે કાંઈ ધર્મ નથી. શુભભાવ હોય તે જુદી વાત છે પણ તેનાથી ધર્મ થવાનું માનવું તે અજ્ઞાન છે. શુભભાવથી પુણ્ય બંધાય પણ ધર્મ ન થાય.

ભગવાન પાસે જઈને ગાય કે શિવપદ અમને દેજો રે મહારાજ (૨) તો શું ભગવાન શિવપદ આપે ? ભગવાન તો કહે છે કે તારું શિવપદ તારી પાસે છે, મારી પાસે તારું શિવપદ નથી.

આ તો કેવી વાત છે કે શુભરાગ આવે... હોય.... અને વળી બંધનું કારણ છે તો પછી શુભરાગ છોડી દેતાં હોય તો ?

ભાઈ ! જ્યાં સુધી નિર્વિકલ્પ નહિ થાય ત્યાં સુધી શુભરાગ છૂટશે જ નહિ પણ દૃષ્ટિમાંથી રાગમાત્ર છૂટી જાય છે. દૃષ્ટિમાંથી રાગને છોડવે તે જ તેનો ખરો ત્યાગ છે.

અહીં તો બાળકોને પણ સમજાય તેવા દૃષ્ટાંત આપ્યા છે. બાળકોને લૌકિક દંતકથા કહો તેમાં પણ બહુ રસ પડે જાણે કોઈ શાસ્ત્ર વાંચતા હોય તેમ તે સાંભળે છે.

हिंसकके भायैं जैसैं....હિંસક મનુષ્યોને તો હિંસામાં જ ધર્મબુદ્ધિ થાય છે, એકેન્દ્રિય મરે કે પંચેન્દ્રિય મરે... યજ્ઞમાં બકરાને મારે અને ધર્મ થયો માને એ બધાં મૂઢ છે.

આમ, જેમ રંકને કોડીનો, ઘુવડને સંધ્યાનો, કૂતરાને વમનનો, ભૂંડને વિષ્ટાનો, કાગડાને લીંબોળીનો, બાળકને દંતકથાનો, હિંસકને હિંસાધર્મનો રસ અને મહિમા હોય છે તેમ, મિથ્યાદષ્ટિને પુણ્ય પરિણામનો રસ અને મહિમા હોય છે જાણે આપણે તો નિર્વાણ આ જ માર્ગે થઈ જશે. સિદ્ધગિરીમાં ઋષભદેવ ૯૯ વાર આવ્યા હતાં માટે આપણે એકવાર સિદ્ધગિરીની યાત્રા કરી આવીએ તો કલ્યાણ થઈ જાય. જેમ, લોકો કાશીમાં કરવત મૂકાવે છે તેમ સિદ્ધગિરીમાં મરણ થાય તો સમાધિમરણ થાય એવી બધી માન્યતાઓ છે તે મૂઢતા છે. પોતે શુભભાવ કરે તો ભગવાનને નિમિત્ત કહેવાય છે પણ ભગવાન કાંઈ શુભભાવ કે મોક્ષ કરાવી દેતા નથી.

મોક્ષમાર્ગપ્રકાશકમાં ટોડરમલજીએ તો કહ્યું છે કે એકલી ભક્તિના શુભરાગમાં રહો તેના કરતાં કરણાનુયોગ આદિના વાંચન, વિચારમાં રહો તો ભક્તિ કરતાં પણ વિશેષ શુભભાવ થશે પણ એ વાત જીવોને બેસતી નથી.

જૈનમાં આવ્યા પછી પણ કેવા શલ્ય રહે છે તેની આ વાત છે. ભગવાનનું નામસ્મરણ, સ્તવન, સ્વાધ્યાય આદિનો શુભરાગ હોય પણ તેનાથી નિર્જરા થાય એમ માને છે તે યથાર્થ નથી.

શ્રોતા :—શાસ્ત્રમાં એવી વાત આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—શાસ્ત્રમાં આવે છે તેમાં અપેક્ષા એ છે કે જેને સ્વનું લક્ષ થયું છે તેને સાથે આવા શુભવિકલ્પ હોય છે અને જેટલું સ્વલક્ષનું જોર છે તેટલી નિર્જરા થાય છે. બાકી પરના લક્ષે નિર્જરા ન થાય. આત્માના સ્વભાવનો આશ્રય કર્યો ન હોય, પરનો આશ્રય લીધો હોય તેને ધર્મ કે નિર્જરા થતાં જ નથી.

અશુભથી બચવા ધર્મીને પણ શુભભાવ આવે, શુભભાવના અનેક પ્રકાર છે તેમાંથી ધર્મીને પણ જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી શુભભાવ આવે પણ ધર્મી જાણે છે કે આ બંધનું કારણ છે. જ્યારે અજ્ઞાની શુભભાવને મોક્ષનું કારણ માને છે. બસ, આ જ દષ્ટિની મોટી વિપરીતતા છે તેથી અહીં અજ્ઞાનીને મૂરખ કહ્યો છે—मूरखके भायैं सुभबंध निरवान है। આ અધમપુરુષની વાત થઈ.

હવે અધમાધમ પુરુષ કે જે મિથ્યાદષ્ટિ તો છે જ, ઉપરાંત અસજ્જન છે—અવિવેકી છે તેનો સ્વભાવ દ્રષ્ટાંત દ્વારા સમજાવે છે.

'અધમાધમ પુરુષનો સ્વભાવ'

कुंजरकौं देखि जैसें रोस करि भूसै स्वान,
रोस करै निर्धन विलोकि धनवंतकौं ।
रैनके जगैटयाकौं विलोकि चोर रोस करै,
मिथ्यामती रोस करै सुनत सिद्धंतकौं ॥
हंसकौं विलोकि जैसें काग मन रोस करै,
अभिमानी रोस करै देखत महंतकौं ।
सुकविकौं देखि ज्यौं कुकवि मन रोस करै,
त्यौं ही दुरजन रोस करै देखि संतकौं ॥२२॥

અર્થ :—જેવી રીતે કૂતરો હાથીને જોઈને ક્રોધિત થઈને ભસે છે, ધનવાન માણસને જોઈને નિર્ધન મનુષ્ય ક્રોધિત થાય છે, રાતે જાગનારને જોઈને ચોર ક્રોધિત થાય છે, સાચું શાસ્ત્ર સાંભળીને મિથ્યાત્વી જીવ ક્રોધિત થાય છે, હંસને જોઈને કાગડો ગુસ્સે થાય છે, મહાપુરુષને જોઈને ઘમંડી માણસ ક્રોધ કરે છે, સુકવિને જોઈને કુકવિના મનમાં ક્રોધ આવે છે તેવી જ રીતે સત્પુરુષને જોઈને અધમાધમપુરુષ ગુસ્સે થાય છે.

કુંજર એટલે હાથી. હાથીના મોટા શરીરને જોઈને કૂતરાને સહન ન થાય, એ હાથી સામે ભસે. હાથીને કાંઈ પડી ન હોય, હાથી કૂતરાની સામે જોતો પણ ન હોય છતાં કૂતરાનો તેની સામે ભસવાનો સ્વભાવ છે તેમ, ધર્મીને જોઈને દુર્જનને દ્વેષ આવે, ધર્મીને કોઈ માન આપે, તે દુર્જનથી સહન ન થાય એટલે ધર્મી ઉપર દ્વેષ કરે. જેમ ધનવાનને જોઈને ગરીબને રોષ થાય. તેમાં પણ જો પોતાનો કુટુંબી ધનવાળો થઈ ગયો હોય અને તેની સાથે પોતાને મેળ ન હોય અને પોતે ગરીબ હોય તો ધનવાનની બહુ ઈર્ષ્યા કરે, જેમ તેમ બોલે તેમ, ધર્મીને જોઈને દુર્જન દ્વેષ કરે છે.

ચોરને રાત્રે ચોરી કરવી હોય એટલે રાત્રે જાગનારા પ્રત્યે તેને ગુસ્સો આવે. તેમ મિથ્યાદૃષ્ટિને સિદ્ધાંતો કહેનારા પ્રત્યે ગુસ્સો આવે છે. રાગથી ધર્મ ન થાય, પરદ્રવ્યથી લાભ-નુકશાન ન થાય વગેરે સાચા સિદ્ધાંતો સાંભળીને મિથ્યાદૃષ્ટિને એમ થાય કે આ ધર્મી વ્યવહારનો લોપ કરી નાખશે—એમ કરીને ધર્મી ઉપર દ્વેષ કરે છે કે તમે કહો છો—વ્યવહારથી ધર્મ ન થાય, નિશ્ચયથી જ ધર્મ થાય તો નિશ્ચયના કરનારા કેટલાં નીકળવાના ? વ્યવહારથી ધર્મ કહો તો બધાં જીવો ધર્મ કરી શકે. અત્યારે આ કાળમાં સમકિત ન હોય, અત્યારે તો વ્રત, તપ કરીને સુકાઈ જવું તે

જ ધર્મ છે એમ અનેક પ્રકારે ધર્મીએ કહેલાં સત્ય સિદ્ધાંતોનો નિષેધ કરે છે.

મિથ્યામતી એમ પણ કહે કે અમે તો ભગવાને કહેલાં અનેકાંતને માનીએ છીએ. 'આત્માના આશ્રયે જ ધર્મ થાય, બીજી રીતે નહિ' એવા એકાંતને અમે માનતા નથી. ભાઈ ! આત્માના આશ્રયે જ ધર્મ થાય, અન્યના આશ્રયે ધર્મ ન થાય એ જ સાચું અનેકાંત છે. પરના આશ્રયે ધર્મ ત્રણકાળ ત્રણલોકમાં ક્યારેય કોઈને ન થાય. સાક્ષાત્ તીર્થંકર સમવસરણમાં બિરાજતાં હોય તેની ભક્તિ કરે તો તે પણ શુભભાવ છે, ધર્મ નથી. એવો ભક્તિનો રાગ આવે તે જુદી વાત છે પણ તેનાથી ધર્મ ન થાય.

સંતને દેખીને દુર્જન દ્વેષ કરે છે એ બતાવવા માટે આ બધાં દૃષ્ટાંત છે.

હંસને જોઈને કાગડાને દ્વેષ થાય છે. વીતરાગની વાણીમાં વીતરાગતા ભરેલી હોય છે. વીતરાગના દરેક સિદ્ધાંતો સત્યસ્વરૂપને બતાવે છે. વીતરાગતા સ્વના આશ્રયે જ પ્રગટ થાય છે, પરના આશ્રયે પ્રગટ થતી નથી એવું સિદ્ધાંતનું સત્યસ્વરૂપ છે. તેની સામે મિથ્યામતી એમ કહે છે કે શુભભાવ પરાશ્રિત છે માટે તેનાથી સીધો ધર્મ ન થાય પણ પરંપરા ધર્મ તો થાય ને ! ભાઈ ! જેને અશુભથી બચવા શુભભાવ આવે છે પણ તેમાં ધર્મ બુદ્ધિ નથી એવા સમકિતી જીવોને શુભભાવ છૂટીને શુદ્ધભાવ થાય છે માટે તેને પરંપરા ધર્મનું કારણ કહ્યું છે. પણ અજ્ઞાનીને તો શુભભાવ પરંપરા અનર્થનું કારણ કહ્યું છે કેમ કે તેને શુભભાવની રુચિ છે, શુભથી કલ્યાણ માને છે માટે તેને અનર્થનું કારણ થાય છે એમ કુંદકુંદઆચાર્યે પોતે 'બારભાવના'માં કહ્યું છે.

વીતરાગનો ધર્મ તો વીતરાગભાવથી થાય—રાગથી ન થાય, અને વીતરાગતા સ્વના આશ્રયે જ થાય, પરના આશ્રયે વીતરાગતા ન થાય. આવા વીતરાગતાના આરાધક સંતને જોઈને કાગડા જેવા દુર્જનોને દ્વેષ આવે છે કે 'શું આવાને આવા ધર્માત્મા પાક્યા છે !'

અભિમાની માણસને પોતાથી કોઈ મોટા મહંતને જોઈને દ્વેષ આવે છે. અમે વર્ષો જૂના અભ્યાસી છીએ અને તમે આજના જાગેલાં મોટા જ્ઞાની થઈ ગયા ! એમ અભિમાની રોષ કરે છે—એ જ રીતે સુકવિને જોઈને કુકવિને દ્વેષ આવે છે. કુકવિ તો ખોટા ગુણગાન કરે છે. આગળ ૪૧૫ પાના ઉપર કુકવિની વાત આવે છે કે સ્ત્રીના મુખ, સ્તન, હોઠ આદિને ઊંચી ઊંચી ઉપમા આપીને ખૂબ મલાવે છે પણ એ માંસના લોચાં છે તેની શું મહિમા ! તેમાં જ કેંસર અને સડો થાય ત્યારે શું દશા થાય છે ! માટે જો તેના વચનને કોઈ પ્રમાણ કરવાનો પ્રયત્ન કરે તો મૂઢ ! ઠરે. ભલે મિથ્યામતી હોય પણ શાસ્ત્ર પ્રમાણે સત્યવચન કહે તો તેને સૌ કોઈ પ્રમાણ

કરે પણ જૂઠા વચનને કોઈ સ્વીકારે નહિ.

આમ, સત્પુરુષને દેખીને અધમાધમ પુરુષ દ્વેષ કરે. આ જ વાતને વિશેષ ૨૩ મા પદ્યમાં કહે છે. બંધ અધિકાર છે એટલે બંધના ભાવવાળા જીવોનું સ્વરૂપ સ્પષ્ટ કરીને બતાવે છે.

सरलकौं सठ कहै वकताकौं धीठ कहै,
विनै करै तासौं कहै धनकौं अधीन है ।
छमीकौं निबल कहै दमीकौं अदत्ति कहै,
मधुर वचन बोलै तासौं कहे दीन है ।
धरमीको दंभी निसप्रेहीकौं गुमानी कहै,
तिसना घटावै तासौं कहै भागहीन है ।
जहा साधुगुन देखै तिन्हकौ लगावै दोष,
एसो कछु दुर्जनकौ हिरदौ मलीन है ॥२३॥

અર્થ :—અધમાધમ મનુષ્ય, સરળ ચિત્તવાળા મનુષ્યને મૂર્ખ કહે છે, જે વાતચીતમાં ચતુર હોય તેને ધીઠ કહે છે, વિનયવાનને ધનનો આશ્રિત બતાવે છે, ક્ષમાવાનને કમજોર કહે છે, સંયમીને લોભી કહે છે, મધુર બોલનારને ગરીબ કહે છે, ધર્માત્માને ઢોંગી કહે છે, નિસ્પૃહીને ઘમંડી કહે છે, સંતોષીને ભાગ્યહીન કહે છે. અર્થાત્ જ્યાં સદ્‌ગુણ દેખે છે ત્યાં દોષ લગાવે છે. દુર્જનનું હૃદય એવું જ મલિન હોય છે.

દુર્જન મનુષ્ય બધાંની ટીકા જ કરતો રહે છે. કોઈ સરળ વ્યક્તિ હોય તો દુર્જન તેને મૂરખ ઠરાવશે—કે એને ભાન જ ક્યાં છે ! અમારે એવું થયું હતું કે વેપાર કરતાં હતાં ત્યારે મુંબઈથી માલ લઈને પાલેજ જવું હતું તો ટિકિટ બે અને માલનું વજન ઘણું વધારે હતું તો કીધું વજન કરાવીને પૈસા ભરી દઈએ તો સાથેવાળા કહે આ ભગત તો એવા ને એવા જ રહ્યાં ! એવા પૈસા ભરવાના ન હોય. અહીંથી જેમ તેમ કરીને માલ ચડાવી દેવાનો અને પાલેજમાં તો માસ્તરો બધાં આપણાં જાણીતા હોય તે કાંઈ પૂછવાના નથી. અરે, કીધું ચોરી તો ખરી ને ! ચોરી કરીને પોતાને ડાહ્યાં માને–શાહુકાર માને એ જ ખરેખર મૂરખ છે.

કોઈ બોલવામાં હોશિયાર હોય તો તેને દુર્જન મનુષ્ય 'ધીઠ' કહે છે અને કોઈ વિનયી હોય તો વિનય કરે તેને દુર્જન માણસ ધનને આધીન ઠરાવે છે કે તેને પૈસા જોઈતા લાગે છે માટે વિનયથી બોલે છે. ક્ષમાવાન મનુષ્ય દરેક પ્રસંગમાં શાંતિ રાખે, ક્ષમા રાખે તો દુર્જન એમ કહે કે એ તો કાયર છે તેનામાં જોર ક્યાં છે !

નમાલો છે તેનામાં તાકાત હોય તો સામાનું અપમાન ન કરી નાંખે !

સંયમવાળા (સદાચારવાળા) માણસો પાન, તમાકુ વગેરે વ્યસન ન રાખે અને બિનજરૂરી શૃંગાર આદિ ન કરે તેમને અજ્ઞાની જીવો કંજૂસ-કૃપણ ઠરાવે છે અર્થાત્ અધમાધમ પુરુષ દમી-સંયમીને અદત્તિ કહે છે.

કોઈ મધુર વચન બોલે તેને વીર્યહીન કહે છે, ગરીબ કહે છે અને ધર્મીને દંભી કહે છે—ઢોંગી કહે છે. જુવાન અવસ્થામાં ધર્મ કરવાનો હોય ! ઢોંગી છે—ધર્મ કરવા નિકળી પડ્યો છે !

**કોઈ માણસ નિસ્પૃહી હોય, કોઈની ખુશામત આદિ ન કરે તો તેને અધમાધમ પુરુષ અભિમાની ઠરાવે છે. નિસ્પૃહને કોઈ આવે તેનો મહિમા ન આવે તેથી અધમાધમને એમ થાય કે આ તો સામુ પણ જોતો નથી, અભિમાની લાગે છે.**

સંતોષી મનુષ્યને તૃષ્ણા ન હોય તેથી ખાવા-પીવા આદિ બધાંમાં સંતોષથી રહે તો તેને આ ભાગ્યહીન કહે છે; અમારે તો પાંચેય ઇન્દ્રિયના વિષયો જોઈએ—એને ભોગવે તે ભાગ્યશાળી છે.

जहां साधुगुन देखै तिन्हकौ लगावै दोष—દુર્જન મનુષ્ય જ્યાં જ્યાં સદ્‌ગુણ દેખાય ત્યાં ત્યાં દોષ લગાવે છે. એવું જ તેનું હૃદય મલિન હોય છે.

આ બનારસીદાસે બંધ અધિકારમાં પોતે પદ્ય લખ્યું છે તેનો અર્થ થયો. હવે અમૃતચંદ્રાચાર્યના આઠમા કળશ ઉપર બનારસીદાસજી ૨૪મુ પદ્ય લખે છે.

મિથ્યાદૃષ્ટિની અહંબુદ્ધિનું વર્ણન

मैं करता मैं कीन्ही कैसी ।
अब यौं करौं कहौ जो ऐसी ।
ए विपरीत भाव है जामैं ।
सो बरतै मिथ्यात दसामैं ॥२४॥

અર્થ :—હું કહું છું કે મેં આ કામ કર્યું (જે બીજાથી બની શકે નહિ) હવે પણ હું જેવું કહું છું તેવું જ કરીશ. જેનામાં આવા અહંકારરૂપ વિપરીતભાવ હોય છે તે મિથ્યાદૃષ્ટિ હોય છે.

જુઓ, આ ઘરના કામ, ગામના કામ, સમાજના કામ બધાંમાં હું આગળ પડતો હતો તેથી આ બધાં કામ થયાં. ફલાણાને મેં જીવાડ્યો અને પહેલાં પાપીને મેં મારી નાંખ્યો. આમ અનેક પ્રકારે અજ્ઞાની જીવ મિથ્યા અભિમાન કરે છે. ખરેખર કોઈ

પરદ્રવ્યના કાર્ય કે જીવન-મરણ અન્ય દ્રવ્ય કરી શકતું જ નથી. મફતનો અભિમાન કરે છે કે અમે મીલમાં ઘણાં માણસને નભાવીએ છીએ—અત્યારે તો આટલું કરીએ છીએ પણ બે પાંચ વર્ષમાં તો ઘણો સુધારો કરી નાંખશું. હું જો કરવા ધારું તો બધાં કામ સુધારી નાંખું—કર્યા વગર પણ રહું નહિ—દુનિયા જોતી રહેશે....મૂઢ છે. રજકણને ફેરવવાની પણ એની તાકાત નથી બાપુ! પરમાં લેવા-દેવાની ક્રિયા તારાથી ન થાય. છતાં જે અભિમાન કરે છે તેણે મિથ્યાત્વનો દારૂ પીધો છે. પરના આશ્રયે ધર્મ તો ન થાય પણ પરના કાર્ય પણ જીવ ન કરી શકે એ વાત અહીં ચાલે છે.

અમે આ સુંદર પ્રતિમા લઈ આવ્યાં, અમે પાઠશાળા ચલાવીએ છીએ, અમે ઉઘરાણીએ જઈએ તો ગ્રાહકો ફટાફટ પૈસા કાઢવા માંડે, તમે નમાલા શું પૈસા કઢાવવાના હતાં!—આમ અનેક પ્રકારે પરના કાર્યો હું કરું છું અને કરી શકું છું એમ માનનાર મૂઢ છે—મિથ્યાત્વદશામાં વર્તે છે. (ક્રમશઃ)

(શુદ્ધાત્મ અવલોકન પેઈજ ૭થી ચાલુ)

જે પરમ જિનયોગીશ્વર છે, પરમ જિનસ્વરૂપ ભગવાનમાં જેણે પરમ યોગ જોડી દીધો છે, જેણે દ્રવ્યનો-ધ્રુવનો ઘણો ઉગ્ર આશ્રય લઈને શુદ્ધભાવ ગ્રહણ કર્યો છે અને સ્વદ્રવ્ય જે પરમપારિણામિક ભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, એકરૂપભાવ, સામાન્યભાવ તેમાં તીક્ષ્ણ બુદ્ધિ રાખી છે, અંતરમાં આવા સ્વભાવને પકડી લીધો છે, ને સ્થિરતા ઘણી જ થઈ ગઈ છે એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.

* * *

ભાઈ! તું પંચમ કાળે ભરતક્ષેત્રે ને ગરીબ ઘરે જન્મ્યો છો એથી અમારે આજીવિકા આદિનું શું કરવું એમ ન જો! તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો, જે ક્ષેત્રે ને જે કાળે જ્યારે જો ત્યારે તું સિદ્ધ સમાન જ છો. મુનિરાજને ખબર નહિ હોય કે બધા જીવો સંસારી છે? ભાઈ! સંસારી અને સિદ્ધ એ તો પર્યાયની અપેક્ષાથી છે, સ્વભાવે તો એ સંસારી જીવો પણ સિદ્ધ સમાન શુદ્ધ જ છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં

## શ્રી માનસ્તંભ સુવર્ણજયંતીના અષ્ટાહ્નિક અવસર પર સાનંદોલ્લાસ સંપન્ન

# શ્રી માનસ્તંભ-કલશધ્વજ-પ્રતિષ્ઠામહોત્સવ

તથા

# * શ્રી માનસ્તંભ-જિનેન્દ્ર-મહામસ્તકાભિષેકોત્સવ *

(તા. ૩૦-૧૦-૨૦૦૨ થી તા. ૬-૧૧-૨૦૦૨)

સુવર્ણ જયંતીનો સ્વર્ણિમ અવસર ભારતવર્ષના સુપ્રસિદ્ધ અધ્યાત્મ-સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં (સોનગઢમાં), પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ધર્મપ્રભાવનોદયથી વિ. સં. ૨૦૦૯માં નિર્મિત તથા પંચકલ્યાણકપ્રતિષ્ઠોત્સવપૂર્વક પ્રતિષ્ઠિત, ૬૩ ફૂટ ઉન્નત, સંગેમરમરનિર્મિત, અતિ રમણીય ભવ્ય જિનેન્દ્ર-માનસ્તંભ પ્રતિષ્ઠાની સુવર્ણજયંતીના આનંદોલ્લાસવર્ધક અષ્ટાહ્નિક સ્વર્ણિમ અવસર પર, માનસ્તંભ-કલશધ્વજ-પ્રતિષ્ઠા તથા માનસ્તંભના ઉપરના ભાગે બિરાજમાન શ્રી સીમંધર જિનેન્દ્રના પચાસવર્ષીય મહામસ્તકાભિષેક માટે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢની સાથે (૧) શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુમંડળ-મલાડ, (૨) શ્રી ઘટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળ-ઘાટકોપર, (૩) શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુમંડળ, (૪) શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ-પાર્લા-સાન્તાક્રુઝ, (૫) શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, (૬) શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ-મુલુન્ડ (મુંબઈ) અને (૭) શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન સંઘ-વસઈ દ્વારા આયોજિત—વિ. સં. ૨૦૫૮, આસો વદ ૯, બુધવાર, તા. ૩૦-૧૦-૨૦૦૨ થી કારતક સુદ ૨, બુધવાર, તા. ૬-૧૧-૨૦૦૨—આઠ દિવસનો શ્રી માનસ્તંભ-કલશ-ધ્વજ પ્રતિષ્ઠાનો તથા શ્રી માનસ્તંભમાં ઉપરની વેદીમાં બિરાજમાન જિનેન્દ્રના પંચાશત-વર્ષીય મહામસ્તકાભિષેકનો મંગલ મહોત્સવ, પૂજ્ય સદ્ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકાર પ્રતાપથી તથા ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહની મંગલવર્ધિની કલ્યાણી આશિષથી, અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરી પ્રતિ શ્રદ્ધા-ભક્તિવંત લગભગ સાત હજાર મુમુક્ષુઓના ભક્તિપૂર્ણ આનંદોલ્લાસમય વાતાવરણમાં સુચારુ ઊજવવામાં આવ્યો. બૃહદ-મુંબઈ, ચેન્નાઈ, કોલકતા, દીલ્હી, હૈદરાબાદ, બેંગલોર, અમદાવાદ, સુરત, રાજકોટ, જામનગર, સુરેન્દ્રગનર, વઢવાણ, બોટાદ, ભાવનગર, વીંછીંયા, લાઠી, રાણપુર, લીંબડી, વાંકાનેર, ઉમરાળા, ખંડવા, ઉદયપુર, ઉજ્જૈન, ભોપાલ, સનાવદ, ખડેરી, ઈન્દોર, ઇત્યાદિ ભારતવર્ષના ગુજરાતીભાષી તથા બિન-ગુજરાતીભાષી મુમુક્ષુઓ ઉપરાંત નાઈરોબી (કેન્યા), અમેરીકા, લંડન આદિ વિદેશોથી પણ અનેક મુમુક્ષુ-મહાનુભાવ પધારેલ હતા. આ મંગલ મહોત્સવ માટે પ્રેષિત કરવામાં આવેલી પ્રકાશ-ધ્વનિયુક્ત અતિરમ્ય નિમંત્રણપત્રિકા ઘાટકોપરવાસી શ્રી રસિકભાઈ અમરચંદ ડગલીના સૌજન્યથી નિર્મિત કરવામાં આવી હતી.

આ સુવર્ણમહોત્સવનું આયોજન આશાતીત ઘણું જ વધું સફળ સંપન્ન થયું. બધા પ્રકારની વ્યવસ્થા ઘણી સંતોષ પ્રદ હતી. આવાસ અને ભોજન વ્યવસ્થા તથા સમાગત મહેમાનોની સુવિધા માટે આયોજક સ્થાનિક ટ્રસ્ટ તથા ઉપર્યુક્ત મુમુક્ષુમંડળોએ પુરી સતર્કતાથી કામ લીધું હતું. પોતાના ઉતારાથી મહોત્સવ-મંડપ સુધી પહોંચવા માટે મહેમાનો માટે સતત ઉપલબ્ધ વાહનવ્યવસ્થા પણ કરી હતી.

કલશ-ધ્વજપ્રતિષ્ઠાના વિધિવિધાન સંપન્ન કરવા માટે ઇન્દ્રોની, આચાર્ય-અનુજ્ઞાપૂર્વક, પ્રતિષ્ઠા કરી હતી. તેઓ દ્વારા યાગમંડલ-મહાપૂજા, ત્રિલોક-અકૃત્રિમ-જિનબિંબ-પૂજાવિધાન, જલયાત્રા, કલશ-ધ્વજશુદ્ધિ વગેરે પ્રતિષ્ઠાની બધી વિધિ સંપન્ન કરી હતી. આ મંગલ મહોત્સવ મહાવીર-નિર્વાણ (દીપાવલી)ના અવસર પર ઊજવાયો હોવાથી, મહાવીર પ્રભુની પૂર્ણ પરમાત્મપદની પ્રાપ્તિ સુધીની બધી શુદ્ધાત્મસાધનાનો બોધ મુમુક્ષુસમાજને અવગત કરાવવાના હેતુથી, આ કલશ-ધ્વજ-પ્રતિષ્ઠા તથા મહામસ્તકાભિષેકના મંગલ અવસરે, વિધિ-અધ્યક્ષ ૧૦૦૮ શ્રી મહાવીર-સ્વામીના પંચકલ્યાણક-પ્રતિરૂપદર્શનનું આયોજન કર્યુ હતું. પ્રતિરૂપદર્શનનું આ આયોજન ઉપસ્થિત મુમુક્ષુસમાજને અધિક રોચક પ્રતીત થયું.

**પ્રતિષ્ઠામંડપ અને પ્રવચનમંડપ**—બે વિશાળ તથા ભવ્ય મંડપ બનાવવામાં આવેલા. પ્રતિષ્ઠાવિધિ તથા મંડલવિધાન પૂજા પ્રતિષ્ઠામંડપમાં સંપન્ન થતાં હતાં, અને ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન, બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા, પંચકલ્યાણક-પ્રતિરૂપદર્શન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે પ્રવચનમંડપમાં સંપન્ન થતા હતા. વિધાનપૂજાના સમયે પ્રતિષ્ઠામંડપમાં લગભગ અઢી-ત્રણ હજાર મુમુક્ષુ એકીસાથે પૂજા કરવાનું દૃશ્ય ઘણું જ રમણીય પ્રતીત થતું હતું. વિધાનપૂજાના પુસ્તક તથા અન્ય સામગ્રી બધાને સરળતાથી ઉપલબ્ધ થતી હતી. ઘણી જ શાન્તિ તથા ઉલ્લાસથી સંપન્ન થવાથી આ આયોજન ઘણું જ પ્રભાવક હતું. આ મંગલ મહોત્સવમાં ત્રણ વિધાન કર્યાં હતાં—(૧) ત્રિલોક-અકૃત્રિમ-જિનાલય મંડલવિધાન, (૨) યાગમંડલવિધાન અને (૩) મહાવીર-નિર્વાણ-વાર્ષિક-અવસર નિમિત્તે પંચકલ્યાણક પૂજાવિધાન. ત્રિલોક-મંડલવિધાન-પૂજાનું માંડલું ઘણું જ ભવ્ય બનાવવામાં આવ્યું હતું. અકૃત્રિમ-મંદિરોનાં પ્રતીક રજત-મંદિર બનાવેલ હતાં, જે ઘણાં જ મનોહર લાગતાં હતાં.

## ❋ મહામસ્તકાભિષેક ❋

માનસ્તંભની સન્મુખ પ્રવેશદ્વારમાં કલશપ્રતિષ્ઠા તથા મહાસ્તકાભિષેક-મહોત્સવની મંગલતાનો સૂચક એક મોટો અતિ ભવ્ય શ્રીફળયુક્ત મંગલ કલશ બનાવ્યો હતો, જે મંગલ મહોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરતો હતો. ૬૩ ફુટ ઉન્નત માનસ્તંભના ઉપરના ભાગે પ્રતિષ્ઠિત શ્રી સીમંધરસ્વામીનાં વીતરાગભાવવાહી, અતિ મનોજ્ઞ તથા વિશાલ જિનબિંબોનાં અભિષેક, દર્શન તથા પૂજા માટે અતિ મજબૂત વિશાળ મંચ બનાવ્યો હતો. દર્શન-અભિષેક-પૂજાર્થિયોની સુવિધા માટે ચાર યાન્ત્રિક લિફટની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. સંક્ષેપમાં કહીએ તો

બધા પ્રકારની વ્યવસ્થા ઘણી જ સારી હતી.

અભિષેકના સમયે વિમાનમાંથી (હેલીકોપ્ટર) મુમુક્ષુભક્તો દ્વારા ઘણા આનંદોલ્લાસથી અનેક વાર પુષ્પવૃષ્ટિ કરવામાં આવેલી. વિમાનની પુષ્પવૃષ્ટિના સમયે છ ચક્કરમાં ફરીને ૧૮ પરિવારોએ પુષ્પવૃષ્ટિનો આનંદોલ્લાસપૂર્વક લાભ લીધો હતો. દશવર્ષીય મહાભિષેકનાં ૪૦ વર્ષ પછી ઉપરના ભગવાનનાં દર્શન-અભિષેક-પૂજન તથા ભક્તિના લાભનું સૌભાગ્ય પ્રાપ્ત થવાથી મુમુક્ષુઓને ઘણો આનંદ અનુભવાતો હતો. નીચેથી નાની લાગતી અહા ! ભગવાનની પ્રતિમા આટલી મોટી છે ? અને ભગવાનની વીતરાગભાવવાહી મુદ્રા અહા ! કેટલી ભવ્ય છે ?—એવું આશ્ચર્ય અનેક મહાનુભાવોને થતું હતું. ઉપર જવા તથા અભિષેક માટે ક્રમની વ્યવસ્થા સારી કરી હતી. સ્ફટિક, રત્ન, સુવર્ણ, રજત તથા સાદા કળશોવાળા પોતપોતાના ક્રમપ્રમાણે અભિષેકનો લાભ લેતા હતા. મહામસ્તકાભિષેકની વિધિ શાસ્ત્રીયવિધિપૂર્વક શુદ્ધ જલથી તા.૫ અને તા. ૬ બે દિવસમાં સંપન્ન થઈ હતી.

## ✻ ઈન્દ્રસભા-રાજસભા વગેરેનું મનોજ્ઞ આયોજન ✻

પંચકલ્યાણક-પ્રતિરૂપદર્શનમાં શ્રી મહાવીર ભગવાનના પૂર્વભવ-અચ્યુતેન્દ્રની સભા, સૌધર્માદિ ઇન્દ્રોની સભા (પ્રતિરૂપદર્શનમાં સૌધર્મેન્દ્ર તથા શચિ-ઇન્દ્રાણી બનવાનું સૌભાગ્ય મુલુન્ડ (મુંબઈ)ના શ્રી સિદ્ધાર્થકુમાર ધીરજલાલ શાહ અને તદ્ધર્મપત્ની શ્રીમતી રૂપાબેન શાહને સંપ્રાપ્ત થયું હતું), સિદ્ધાર્થ મહારાજાના (સિદ્ધાર્થ મહારાજા તથા મહારાણી ત્રિશલાદેવી બનવાનું સૌભાગ્ય મુલુંડ (મુંબઈ)ના શ્રેષ્ઠી શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ અને તદ્ધર્મપત્ની શ્રીમતી લીલમબહેનને પ્રાપ્ત થયું હતું.) રાજદરબારનું મનોહર દૃશ્ય તથા તેમાં ચાલતી જિનેન્દ્રભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વગોષ્ઠી ઘણી જ સુંદર લાગતી હતી. સિદ્ધાર્થ મહારાજા તથા મહારાણી ત્રિશલાદેવીની ભાવવિભોરયુક્ત અભિવ્યક્તિ પ્રશંસનીય હતી. અચ્યુતસ્વર્ગના ઇન્દ્ર તથા દેવવૃંદ, શીઘ્ર દુર્લભ મનુષ્યપર્યાય પામીને, ઉગ્ર સંયમસાધના માટે તડપતા હતા. ઇન્દ્રસભા સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મ-તત્ત્વજ્ઞાન તથા તીર્થંકરમહિમાના મધુર વાર્તાલાપથી પ્રેક્ષકોનું મન જીતી લેતી હતી. સિદ્ધાર્થ-રાજદરબારના સભાસદ અનેક દેશોના નરેન્દ્રોની જિનેન્દ્રમહિમાયુક્ત અધ્યાત્મતત્ત્વગોષ્ટી, મહારાણી ત્રિશળાદેવીની શ્રી, હ્રી, ધૃતિ આદિ દેવી-સખીયોની સાથે અનુભવરસપ્રધાન પ્રશ્નોત્તરમય અધ્યાત્મવાર્તા અને આ બધાથી નિર્મિત જિનેન્દ્રભક્તિમય જે આહ્લાદકારી અનુપમ વાતાવરણ, આ બધું વસ્તુતઃ ઘણું જ અદ્‌ભુત તથા રોચક હતું. પંચકલ્યાણક- પ્રતિરૂપદર્શનનાં ભક્તિભાવભીનાં આશ્ચર્યકારી દૃશ્યોને જોઈને પ્રેક્ષકવૃંદ મુમુક્ષુ સમુદાય અતિ પ્રસન્ન થતો હતો. રાજસભામાં ઉજવાયેલ વાર્ષિક વર્ધમાન-જન્મમહોત્સવ તથા તે સમયે અનેક દેશોથી આવેલ નરેશો દ્વારા ભેટ-સમર્પણ ઈત્યાદિ મનોહર હતું. અન્તઃ ચૈતન્યની સ્વાનુભવભીની સાધનાના બળથી ઉત્પન્ન તીવ્ર વિરક્તિના સમયે ત્રિશલાદેવી માતા દ્વારા ગૃહસ્થ—જીવન સ્વીકાર કરવા માટે માતૃસહજ-મમતાથી કરવામાં આવેલ અનુરોધરૂપ પ્રસ્તાવનો રાજકુમાર વર્ધમાને અંદરની ઊંડી વિરક્તિપૂર્વક જે ઇન્કાર કર્યો,

એ સમયના વૈરાગ્યપ્રેરક વાર્તાલાપથી તથા સંયમ-સાધનાના માર્ગ તરફ જતા પોતાના લાડીલા લાલને રોતા હૃદયે, અશ્રુભીની આંખોથી તથા અનુમોદના-ભાવથી વિદાય આપતી ત્રિશલામાતાની પુત્રવિરહની વેદનાભર્યાં દૃશ્ય વગેરેથી અનેક મુમુક્ષુ ગદ્‌ગદ્ તથા પ્રભાવિત થયા હતા. મુનિરાજ વર્ધમાનનાં સાધનાદર્શનથી પ્રભાવિત ઇન્દ્રો દ્વારા ભાવેલી 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે' એ સંયમભાવના તથા કેવલજ્ઞાનકલ્યાણકના અવસર પર શ્રી મહાવીર જિનેન્દ્રના સમવસરણ–વિહારના સમયે વિભિન્ન નગરોમાં ભગવાન દ્વારા ''મૈં હી પરમાત્મા હૂં'' ઐસા નિશ્ચય કર, મૈં હી પરમાત્મા હૂં ઐસા નિર્ણય કર, મૈં હી પરમાત્મા હૂં ઐસા અનુભવ કર''–આ પ્રકારે આપેલ આત્માના પરમાત્મત્વની ઘોષણારૂપ તથા 'વીરશાસન પંચમકાળના અંત સુધી કેવી રીતે ચાલશે'—આ વિષયની દિવ્ય દેશનાનું ભવ્ય આયોજન પણ અનેક પ્રેક્ષકોને રુચિકર અનુભૂત થયું. એક કાવ્યપદમાં સાચું જ કહ્યું છે કે—

''કલ્યાણકાલ પ્રત્યક્ષ પ્રભુકો લખે જો સુરનર ઘને,
તિહ સમયકી આનન્દમહિમા કહત ક્યો મુખસોં બને.''

—તદનુસાર, પંચકલ્યાણક–પ્રતિરૂપમાં વિભિન્ન ભાવવાહી દૃશ્યો જોઈને અનેક મુમુક્ષુઓને અંતરંગમાં એવું અનુભૂત થતું હતું કે–નિર્મલ સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં બાહ્ય નિમિત્તકારણ તરીકે એક 'જિનેન્દ્રમહિમાદર્શન' (પંચકલ્યાણકદર્શન) પણ જિનાગમોમાં કહેવાયું છે. તે વસ્તુતઃ સત્ય પ્રતીત થાય છે.

## * વિભિન્ન શોભાયાત્રા *

શ્રી માનસ્તંભ-સુવર્ણ-જયંતીના આ સ્વર્ણિમ અવસર પર આયોજિત પંચકલ્યાણક-પ્રતિરૂપ-દર્શનમાં–જન્મકલ્યાણક આદિની વિભિન્ન શોભાયાત્રા પણ ભવ્ય હતી. શ્રી ઘાટકોપર, વઢવાણ તથા મલાડની મુમુક્ષુ-ભજનમંડલીએ વિભિન્ન શોભાયાત્રાની શાનદાર શોભામાં પોતાનો ભક્તિભાવભર્યો પૂરો સહયોગ આપ્યો હતો. ભોપાલથી આવેલ શ્રી અજયકુમાર જૈન તથા તેમના સાથીઓએ ઓરકેસ્ટ્રાનો કાર્યક્રમ આપ્યો હતો, જે અતિ ભાવવાહી હતો. જન્માભિષેક માટે આયોજિત મનમોહિની શોભાયાત્રાના તથા સુમેરુપર્વતની પાંડુકશિલા પર જન્માભિષેકનાં રમ્ય દૃશ્યોએ તો ભક્તોના ચિત્તપંકજને ઘણું જ પુલકિત કરી દીધું હતું. જેમના પુનીત ધર્મોપકાર પ્રતાપથી મુમુક્ષુજગતને પંચકલ્યાણક-પ્રતિરૂપનું આ અનુપમ સૌભાગ્ય સમુપલબ્ધ થયું છે એવા આપણા પરમ-તારણહાર પરમપૂજ્ય શ્રી કહાનગુરુદેવ તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રતિ મુમુક્ષુહૃદય ઉપકૃતતાની ભાવનાયુક્ત અસાધારણ ભક્તિભાવથી ઊછળી જતાં હતાં–પરમોપકારી તેઓ બંને મહાત્માઓના જયનાદથી વાતાવરણ આનંદભર્યું થઈ ગયું હતું. પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતીમાતાની સાક્ષાત્ ઉપસ્થિતિવત્ જ ઉત્સવની શાનશોભા હતી. અસાધારણ આનંદોલ્લાસથી સંપન્ન આ અતિભવ્ય મહોત્સવનાં આનંદપ્રદ મીઠાં સંસ્મરણ ચિરકાળ સુધી મુમુક્ષુ હૃદયને પ્રમુદિત કરતાં રહેશે.

## * કલશ-ધ્વજ-પ્રતિષ્ઠાવિધિ : શુદ્ધામ્નાયાનુસાર *

શ્રી માનસ્તંભ-કલશધ્વજ પ્રતિષ્ઠાના બધા વિધિવિધાન પૂજ્ય ગુરુદેવશ્રીન
શ્રી ચંદુલાલભાઈ ઝોબાળિયા–સોનગઢ, બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહ-વઢવાણ, શ્
શેઠ-વાંકાનેર, શ્રી પ્રકાશભાઈ જૈન-મલાડ, તથા શ્રી રમેશભાઈ મહેતા-સલાલ દ્વારા પં.
સાહિત્યાચાર્ય દ્વારા સંપાદિત 'મંદિર-વેદીપ્રતિષ્ઠા-કલશારોહણવિધિ'ના આધારે બિલ
નુસાર સંપન્ન કર્યાં હતાં. પંચકલ્યાણક-પ્રતિરૂપદર્શનના વિષયમાં ઉપસ્થિત સમાજમાં
ભાઈ-બહેન પોતાનો પ્રમોદ વ્યક્ત કરતાં અનેક વાર કહેતા હતા કે-પંચકલ્યાણક
તથા સ્પષ્ટીકરણ સહ રોચક શૈલીથી સંપન્ન આ ચિત્તાકર્ષક ભાવવાહી પ્રતિરૂ
આનંદકારી અનુભવાયું. પ્રત્યેક દૃશ્યના પ્રારંભમાં વિષયવસ્તુ સંક્ષેપમાં સમજાવાતી
પ્રેક્ષકોને વિષય સમજવામાં આનંદ અનુભૂત થતો હતો. આ પ્રતિરૂપદર્શનમાં મુમુક્ષુઓને
તત્ત્વજ્ઞાન તથા હાર્દિક જિનેન્દ્રભક્તિનો સુગમ સંગમ પ્રતીત થતો હતો.

## * શાસ્ત્ર પ્રવચનકાર *

આ શુભાવસર પર પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની અમૃતવા
ડી. તથા ટેપ દ્વારા શ્રોતાસમૂહને પ્રતિદિન મળતી જ હતી. તદતિરિક્ત પૂજ્ય
પૂજ્ય બહેનશ્રી પ્રતિ સમર્પિત શ્રદ્ધાભક્તિવંત અધ્યાત્મતત્ત્વપ્રેમી વિદ્વાન સર્વશ્
ડગલી, ડૉ પ્રવીણભાઈ દોશી, રમેશભાઈ (સલાલ) અને રાજુભાઈ કામદાર દ્વારા
લાભ મળ્યો હતો.

## * શ્રી વર્ષા *

આ ભવ્ય મહોત્સવના મંગલ અવસર પર આશિષદાતા પૂજ્ય ગુરુદેવ
બહેનશ્રીની મંગલ તથા કલ્યાણી આશિષવર્ષા તો નિરંતર ગગનમાંથી થઈ જ
એ કલ્યાણી આશિષને આનંદોલ્લાસ સહ ઝીલવાવાળા ભક્તસમૂહએ અધ્યા
અભિવૃદ્ધિની ભાવનાના હેતુથી ઉત્સાહપૂર્વક શ્રીવર્ષા (લક્ષ્મીવર્ષા) કરી હતી.
મંગલ અવસર પ્રસંગે સંસ્થાને લગભગ એક કરોડ ત્રણ લાખથી અધિક રૂપિય
હતી તથા રૂા. પચાસ લાખથી અધિક ખર્ચ થયો હતો.

## * ધર્મપ્રભાવનાના મૂળ આધારસ્તંભ *

અહો ! સ્વાનુભૂતિમહિમાપ્રધાન અધ્યાત્મયુગના સ્રષ્ટા પરમોપકારી પૂ
સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મવિદ્યાના લોકોત્તર યુગનુ મંગલ પ્રવર્તન તો કર્યું જ, પરંતુ
સાધકને ભૂમિકાના અનુરૂપ આવવાવાળી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રની માર્ગપ્ર
ઉપકારમહિમા પણ સુચારુ સમજાવી. તદનન્યભક્ત સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂતિ
બહેનશ્રીએ સાચું જ કહ્યું છે કે–''પૂર્ણતા પ્રગટ ન થાય ત્યાં સુધી સાધક જી

ચૈતન્યભગવાનને તથા બહારમાં વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રને સાથે રાખે છે. આપણને આવા વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુનું સાનિધ્ય મળ્યું એના જેવું બીજુ કોઈ પુણ્ય નથી. તેઓની સમીપમાં સ્વાનુભૂતિ થાય, તેની વૃદ્ધિ થાય તથા પૂર્ણતા થાય; બસ એ જ એક કરવા જેવું છે. તે જ જીવન જીવવું સાર્થક છે.'' અહો ! નિશ્ચય-વ્યવહારની સંધિબદ્ધ જેમની આવી સાધના સદા પ્રતાપવંત વર્તી રહી છે અને જેમનો ધર્મોપકાર મુમુક્ષુઓને નિશ્ચય-વ્યવહારના સુમેળયુક્ત આધ્યાત્મિક જીવન પ્રતિ લઈ જાય છે એવા આપણા પરમ-તારણહાર, વીતરાગ જિનધર્મપ્રભાવનાના પ્રમુખ આધારસ્તંભ, પરમોપકારી બંને સંતોને (પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીને) અત્યંત ભક્તિપૂર્વક પ્રણામ.

શ્રી માનસ્તંભ-કલશધ્વજ-પ્રતિષ્ઠામાં, જે મુમુક્ષુ મહાનુભાવોને વિભિન્ન વિધિમાં ભક્તિ-ભાવભીનો લાભ લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલું, તેઓની નામાવલિ નીચે પ્રમાણે છે :–

(૧) મંગલ મહોત્સવના આયોજક ટ્રસ્ટ તથા સાત મુમુક્ષુમંડલ, જેમનો ઉલ્લેખ પ્રારંભમાં કરાયેલ છે.

(૨) **પ્રતિષ્ઠામંડપની ખનનવિધિ :—** ૧. શ્રી કિશોરભાઈ પ્રેમચંદભાઈ શાહ તથા સુશીલાબેન કિશોરભાઈ શાહ, નાયરોબી (કેન્યા)

(૩) **માતાપિતા—** શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ તથા લીલમબેન ધીરજલાલ શાહ, મુલુંડ (મુંબઈ)

(૪) **ઈન્દ્ર :— ૧ સૌધર્મ ઈન્દ્ર તથા શચી-ઈન્દ્રાણી** :--શ્રી સિદ્ધાર્થ ધીરજલાલ શાહ તથા રૂપાબેન સિદ્ધાર્થ શાહ; **૨ ઈશાન ઈન્દ્ર** :--શ્રી હર્ષદરાય પ્રભુદાસ કામદાર-સુરત; **૩ સનતકુમાર** :--શ્રી વિજય ચીમનલાલ મોદી-મુંબઈ; **૪ મહેન્દ્ર-ઈન્દ્ર** :--શ્રી જિનેશ ગિરધરલાલ મોદી; **૫ બ્રહ્મઈન્દ્ર** :--શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ--મલાડ; **૬ લાંતવ ઈન્દ્ર** :--શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ-ઘાટકોપર; **૭ શુક્ર-ઈન્દ્ર** :--શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ મલાડ, પાર્લા-સાન્તાક્રુઝ; **૮ સહસ્રાર ઈન્દ્ર** :--શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, દાદર; **૯ આનત ઈન્દ્ર** :--શ્રી કનુભાઈ શાંતિલાલ શાહ; **૧૦ પ્રાણત ઈન્દ્ર** :--શ્રી કીર્તિકાંત રતિલાલ ઓબાળિયા-ઘાટકોપર; **૧૧ આરણ ઈન્દ્ર** :--શ્રી મીનાબેન વિનોદભાઈ શાહ-જમશેદપુર; **૧૨ અચ્યુત ઈન્દ્ર** :--શ્રી સિદ્ધેશ વ્રજલાલ ડેલીવાળા-સુરત; **૧૩ સુધર્મપ્રતિઈન્દ્ર** :--શ્રી પ્રકાશભાઈ કાંતિલાલ શેઠ-બોરીવલી; **૧૪ ઐશાનપ્રતિઈન્દ્ર** :--શ્રી યોગેશભાઈ દામોદરભાઈ મોદી-અમદાવાદ; **૧૫ સાનત્કુમાર-પ્રતિઈન્દ્ર** :--શ્રી અજય હસમુખલાલ દોશી-હૈદ્રાબાદ; **૧૬ માહેન્દ્રઈન્દ્ર** :--શ્રી અંજનભાઈ શાંતિલાલ શાહ-દાદર; **કુબેર** :--શ્રી જિનંદ વિકાસભાઈ શાહ-ભાવનગર.

*** રાજદરબારના રાજા ***

૧ શ્રી નગીનદાસ હરગોવિંદદાસ અજમેરા, મલાડ; ૨ શ્રી ધીરજલાલ સોમચંદ; ૩ શ્રી જયસુખ હરીભાઈ પટેલ, સુરત; ૪ શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી, મલાડ; ૫ શ્રી શાન્તિલાલ

ઠાકરશી મોદી, ઘાટકોપર; ૬ શ્રી નિરંજનભાઈ ચીમનલાલ ડેલીવાળા, સુરત; ૭ શ્રી જિતેન્દ્રભાઈ વ્રજલાલ શાહ, ઘાટકોપર; ૮ શ્રી હર્ષદભાઈ દેવજીભાઈ પટેલ, સુરત; ૯ શ્રી છોટાલાલ કેશવજીભાઈ ભાયાણી; ૧૦ શ્રી ગુણવન્તરાય પ્રેમચંદભાઈ ભાયાણી, દાદર; ૧૧ શ્રી વિકાસભાઈ એમ. શાહ, ભાવનગર; ૧૨ શ્રી નિર્મળાબેન સુમેરચંદ, ખંડબા; ૧૩ બ્ર૦ ચંદુભાઈ ખીમચંદભાઈ ઝોબાળિયા; ૧૪ શ્રી ભોગીલાલ લાલચન્દ શેઠ, મલાડ; ૧૫ શ્રી રાજાબહાદુર જૈન, ખંડવા; ૧૬ શ્રી નગીનદાસ હિમ્મતલાલ ડગલી, મલાડ; મહામન્ત્રી :—શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મલાડ.

આ કલશારોહણના મંગલ અવસરે શ્રી માનસ્તમ્ભ-કલશ ઉપરાંત શ્રી સીમન્ધર જિનમન્દિર, પરમાગમમન્દિર અને નંદીશ્વરજિનાલયના ૨૭ મોટા અને ૪૦ નાના કલશની આરોહણવિધિ ૬૭ પરિવારોએ ભક્તિભાવપૂર્વક સમ્પન્ન કરી હતી. મોટા કલશના આરોહણનો લાભ નિમ્ન પરિવારોએ લીધો હતો.

(૧) શ્રી મધુરભાઈ મહેતા, (૨) શ્રી વિરલભાઈ ચંપકલાલ સંઘવી, (૩) શ્રી હિમ્મતલાલ છોટાલાલ ઝોબાળિયા, (૪) શ્રી જયાબેન જયંતીલાલ દોશી, (૫) શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, (૬) શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી, (૭) શ્રી પ્રફુલભાઈ દેવચંદ રાજા, (૮) શ્રી પ્રફુલ્લભાઈ દેવચંદ રાજા, (૯) શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ, (૧૦) શ્રી કસ્તૂરીબેન મેઘજીભાઈ માલદે (૧૧) શ્રી બાબુભાઈ નાનજીભાઈ શાહ, (૧૨) શ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડા, (૧૩) શ્રી વિનોદભાઈ કાનજીભાઈ કામદાર, (૧૪) શ્રી મુકુંદભાઈ ચુનીલાલ કોઠારી, (૧૫) શ્રી દીપિકાબેન પ્રેમચંદ ગંગાવત, (૧૬) શ્રી નવીનચંદ્ર પોપટલાલ શાહ,(૧૭) શ્રી જસાણી પરિવાર, (૧૮) તલાટી બ્રધર્સ, (૧૯) શ્રી અનિલભાઈ મનુભાઈ ઝવેરી, (૨૦) શ્રી જિતેન્દ્ર વ્રજલાલ શાહ, (૨૧) શ્રી શાંતિલાલ ઠાકરશી મોદી, (૨૨) શ્રી જતીન દેવાંગ ડગલી, (૨૩) શ્રી જયેશભાઈ હિંમતભાઈ શેઠ, (૨૪) શ્રી છોટાલાલ કેશવજી ભાયાણી, (૨૫) શ્રી પ્રાણલાલ પુરુષોત્તમ કામદાર, (૨૬) શ્રી મહેન્દ્રભાઈ સુંદરજી વારિયા.

## * માનસ્તમ્ભ-મહામસ્તકાભિષેક-કલશ *

**સ્ફટિક-કલશ :**— ૧ શ્રી રળીયાતબેન રાયચંદભાઈ દેવનભાઈ શાહ, નાયરોબી; ૨ શ્રી રાજેન્દ્રભાઈ વસંતભાઈ શાહ, પાર્લા; ૩ શ્રી જેકુંવરબેન ઠાકરશી મોદી, હા૦ વિમળાબેન ગિરધરલાલ મોદી, મલાડ.

**રત્નમણિ-કલશ :**— ૧ શ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડા; ૨ શ્રી બાબુલાલ નાનજીભાઈ શાહ, ઘાટકોપર, હસ્તે અનિલભાઈ તથા જિતેન્દ્રભાઈ; ૩ શ્રી રસિકલાલ અમરચંદ ડગલી, ઘાટકોપર; ૪ શ્રી મલાડ યુવકમણ્ડલ, હા૦ રાજેશ દોશી, મહેશ શેઠ; ૫ શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ, સુરેન્દ્રનગર; ૬ શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મલાડ.

**સુવર્ણ-કલશ :**— ૧ શ્રી રુક્ષ્મણિબેન પાનાચંદ ડગલી, મલાડ, હસ્તે જશવંતરાય; ૨

શ્રી હૈદરાબાદ મુમુક્ષુમણ્ડલ; ૩ શ્રી મનસુખલાલ હરિલાલ દોશી, મુમ્બઈ, હસ્તે પુષ્પાબેન; ૪ શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા; ૫ શ્રી છગનલાલ કાલિદાસ વાઘર, જામનગર; ૬ શ્રી જયાબેન જયંતીલાલ દોશી, બોરીવલી; ૭ શ્રી મુકુન્દભાઈ ચુનીલાલ તથા ચંદ્રકાન્તભાઈ ચુનીલાલ.

**રજત-કલશ :—** ૧ આદરણીય પણ્ડિતરત્ન શ્રી હિમ્મતલાલ જેઠાલાલ શાહ તથા સુશીલાબેન હિમ્મતલાલ શાહ, સોનગઢ; ૨ શ્રી રજનીકાન્ત મગનલાલ મહેતા, ઘાટકોપર; ૩ શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર, રાજકોટ; ૪ શ્રી હસમુખલાલ ચંદુલાલ મહેતા, હસ્તે સુહાસબેન; ૫ શ્રી દલીચંદભાઈ ત્રિભોવનદાસ ખારા, સોનગઢ; ૬ શ્રી છોટાલાલ કેશવજી ભાયાણી, કાન્દીવલી; ૭ શ્રી વસંતલાલ મગનલાલ શાહ, ગોરેગાંવ, હસ્ત ડૉ. રમેશભાઈ શાહ; ૮ શ્રી જ્યોત્સ્નાબેન વિનયભાઈ શાહ, U.S.A. ૯ શ્રી અનુબેન ડૉ. કાન્તીલાલ શેઠ, હસ્તે વિજયભાઈ શેઠ.

### * અષ્ટકુમારીકા દેવી *

૧ કુ. પરી રાજુભાઈ ડેલીવાળા, મલાડ; ૨ કુ. શીતલ પ્રવીણભાઈ કામદાર, ભાવનગર; ૩ કુ. લબ્ધિ અક્ષય ડેલીવાળા, વડોદરા; ૪ કુ. હેમલ સિદ્ધાર્થ શાહ, મુલુન્ડ; ૫ કુ. રિદ્ધિ જતીન ડગલી, ઘાટકોપર; ૬ કુ. વિધિ પ્રકાશભાઈ જૈન, મલાડ; ૭ કુ. કવીશા આશીત ડગલી, મલાડ; ૮ કુ. અનુભૂતિ અંજનભાઈ શાહ, દાદર.

અહો ! જયવંત વર્તો શ્રી માનસ્તંભ-કલશધ્વજ-પ્રતિષ્ઠા મહોત્સવ તથા માનસ્તંભ-જિનેન્દ્ર-મહામસ્તક-અભિષેકોત્સવ !! જયવંત વર્તો પૂજ્ય કહાનગુરુ તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન અને તેઓ બંનેનો શ્રેયોવર્ધક મંગલકારી પ્રભાવના-ઉદય !!

કલશ-પ્રતિષ્ઠા ભઈ સફલ નરનારી અઘહાર !<br>
વીતરાગ-વિજ્ઞાનમય, ધર્મ બઢો અવિકાર ॥

અહો ! ઉપકાર જિનવરનો, કુંદનો, ધ્વનિ દિવ્યનો; જિન, કુંદ, ધ્વનિ આપ્યા અહો ! શ્રી ગુરુ-કહાનનો......અહો ! ભગવતીમાતનો. —ઈતિ શુભં ભૂયાત્. *

## પંડિતરત્ન શ્રી હિમ્મતલાલ જેઠાલાલ શાહ-શ્રદ્ધાંજલિ-અંક

ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર આદિ અધ્યાત્મ પંચ પરમાગમના અનુવાદક, સિદ્ધ આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિમ્મતલાલ જેઠાલાલ શાહ દ્વારા મુમુક્ષુસમાજ ઉપર કરાયેલ ઉપકારોની પુણ્ય-સ્મૃતિ-હેતુ, 'આત્મધર્મ'ના શ્રદ્ધાંજલિ-વિશેષાંકનું શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે આયોજન કર્યું છે. આથી જે મહાનુભાવ પોતાની ઉપકૃતભાવભીની ભાવનાથી શ્રદ્ધાંજલિ-લેખ આપવા ઇચ્છતા હોય તેઓ તા. ૧-૧-૨૦૦૩ સુધીમાં મોકલી આપે. લેખ ફૂલસ્કેપ કાગળ ઉપર, એક બાજુ અને સ્પષ્ટ (સુપાઠ્ય) હોવો જોઈએ.

નિવેદક—

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

[તા. ૨૭-૧૧-૨૦૦૨]

# સુવર્ણપુરી સમાચાર

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂ. બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : શ્રી 'પરમાત્મ-પ્રકાશ' શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

★ આ દીપાવલીપર્વ પર શ્રી મંડલવિધાનપૂજા સ્થાયી ૫૧ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

**કાર્તિકી-નંદીશ્વર-અષ્ટાહ્નિકા પર્વ :—** તા. ૧૨-૧૧-૨૦૦૨, મંગળવારથી તા. ૧૯-૧૧-૨૦૦૨, મંગળવાર આઠ દિવસ પર્યન્ત 'પંચમેરુ-નંદીશ્વર-વિધાનપૂજા', નંદીશ્વર-જિનભક્તિ, તત્ત્વજ્ઞાનોપાસના ઈત્યાદિ આયોજન પૂર્વક ઊજવવામાં આવ્યું. આ અવસર પર મંડલવિધાનપૂજા (સ્થાયી) ૧૪ મહાનુભાવો તથા પ્રાસંગિક ૧ મહાનુભવ તરફથી રાખવામાં આવી હતી.

★ આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો બાવીસમો વાર્ષિક સમાધિદિન-કહાનગુરુ-ઉપકારસ્મૃતિના નિમિત્તે પ્રતિવર્ષાનુસાર સંપન્ન થવાવાળા પંચાહ્નિક વિશિષ્ટ 'ધાર્મિક કાર્યક્રમ' પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની ગુરુભક્તિભીની કલ્યાણી આશિષતળે તા. ૨૩-૧૧-૨૦૦૨, શનિવારથી તા. ૨૭-૧૧-૨૦૦૨, બુધવાર (કારતક વદી ૭) સુધી ઊજવવામાં આવ્યો. ઉપકાર કલ્પદ્રુમ પૂજ્ય ગુરુદેવશ્રીના દુઃખદ વિરહનો આ સાંવત્સરિક અવસર 'પંચપરમેષ્ઠીમંડલ વિધાનપૂજા', દેવગુરુભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસના ઈત્યાદિપૂર્વક સાદગીથી ઊજવવામાં આવ્યો. આ પ્રસંગે પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા સ્થાયી ૫ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

★ **'શ્રી કુંદકુંદ-આચાર્યપદારોહણ-દિવસ'** : માગસર વદ ૮, તા. ૨૭-૧૨-૨૦૦૨, શુક્રવારના દિવસે, પરમાગમ શ્રી સમયસાર આદિ અધ્યાત્મશ્રુતના પ્રણેતા, પરમપૂજ્ય ઋષીશ્વર શ્રીમદ્ ભગવત્કુંદકુંદસ્વામીનો 'આચાર્યપદારોહણદિન' વિશેષ પૂજાભક્તિ તથા અધ્યાત્મજ્ઞાનોપાસનાપૂર્વક ઊજવવામાં આવશે.

★ **ધાર્મિક શિક્ષણવર્ગ** :— ક્રિસમસ-ડિસેમ્બર માસની રજાઓમાં, તા. ૨૪-૧૨-૨૦૦૨, મંગળવારથી તા. ૨-૧-૨૦૦૩, ગુરુવાર—દસ દિવસ સુધી રાખવામાં આવ્યો છે.

*

## વૈરાગ્ય-સમાચાર

સોનગઢ નિવાસી શ્રી બાબુભાઈ ત્રિભોવનદાસ ઝવેરીના સુપુત્ર શ્રી કીરીટભાઈ (વર્ષ-૫૩) મુંબઈ મુકામે તા. ૨૩-૧૦-૨૦૦૨ના રોજ હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વની ઘણી રુચિ હતી અને દાદર જિનમંદિરમાં હંમેશા નિયમિત પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન સાંભળવાનો લાભ લેતા હતા. તેઓએ જાગૃતિ પૂર્વક દેહ છોડ્યો હતો. તેમનો અભ્યાસકાળ સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સાન્નિધ્યમાં વ્યતીત થયો હતો.

બોટાદનિવાસી શ્રી શિવલાલભાઈ વિરચંદભાઈ ડગલી (વર્ષ-૮૨) તા. ૧૧-૧૧-૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા ઘણા વર્ષોથી નિવૃત્તિપૂર્વક સોનગઢ સ્થાયી રહીને ઘણો જ તત્ત્વ-લાભ લીધો હતો.

પાર્લાનિવાસી શ્રી નિર્મળાબેન અનોપચંદ ઉદાણી (વર્ષ-૭૮) તા. ૨૮-૧૦-૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા ઘણા સમયથી સોનગઢ સ્થાયી રહીને તેઓએ ઘણો જ તત્ત્વલાભ લીધો હતો.

વાંકાનેરનિવાસી (હાલ. સોનગઢ) શ્રી પ્રભુલાલ દલપતભાઈ સપાણી (વર્ષ-૮૧) તા. ૨૯-૧૦-૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પોતાની નાદુરસ્ત તબિયત છતાં અતિ ઉલ્લાસપૂર્વક પ્રવચનોનો નિયમિત લાભ લેતા હતા. આગલા દિવસે માનસ્તંભજીના ઉપરના જિનભગવંતોનાં દર્શન પણ કરી આવ્યા હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

*

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ધર્મોપકાર પ્રતાપથી શિવપુરી (મ.પ્ર.)માં દિ. જૈન મુમુક્ષુમંડળ શિવપુરી દ્વારા નવનિર્મિત શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિરનો

# શ્રી જિનબિંબ પંચકલ્યાણક-પ્રતિષ્ઠા મહોત્સવ

આપ સર્વને સુવિદિત છે કે આપણા પરમ-તારણહાર અધ્યાત્મ યુગસ્રષ્ટા, શુદ્ધાત્મજ્ઞસંત, પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્ભક્તચૂડામણિ સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો આપણા ઉપર શુદ્ધાત્માનુભવપ્રધાન વિશુદ્ધ મોક્ષમાર્ગ પ્રદાનરૂપ મહાન ઉપકાર છે. તેઓ બંનેના ધર્મોપકાર પ્રતાપથી તથા આપણા ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની મંગલવર્ધિની શુભાશિષથી અમારા શિવપુરી (મ.પ્ર.) શહેરમાં પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીભક્તગણ નિર્માપિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવનાર શ્રી સીમંધર આદિ વીતરાગભાવવાહી દિગંબર જિનબિંબોની પંચકલ્યાણક-પ્રતિષ્ઠાનું શુભ આયોજન કરવામાં આવ્યું છે.

આ મંગલ પ્રતિષ્ઠામહોત્સવ વીર સં. ૨૫૨૯, વિ. સ. ૨૦૫૯, પોષ સુદ ૧૩, ગુરુવાર, તા. ૧૬-૧-૨૦૦૩ થી પોષ વદ ૫, ગુરુવાર, તા. ૨૩-૧-૨૦૦૩ સુધી આઠ દિવસનો રાખવામાં આવ્યો છે. આ મંગલ મહોત્સવની ભવ્ય નિમંત્રણપત્રિકા મુદ્રિત થતાં આપને સમયસર પ્રેષિત કરવામાં આવશે.

આ પંચકલ્યાણક-પ્રતિષ્ઠાની શાસ્ત્રોક્ત સર્વ વિધિ પૂજ્ય ગુરુદેવશ્રીના અંતેવાસી પ્રતિષ્ઠાચાર્ય બાલબ્રહ્મચારી શ્રી ચંદુલાલભાઈ ઝોબાલીયા (સોનગઢ), તથા પ્રતિષ્ઠાચાર્ય બાલબ્રહ્મચારી શ્રી વ્રજલાલભાઈ શાહ (વઢવાણ) દ્વારા સંપન્ન થશે. સહપ્રતિષ્ઠાચાર્ય શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), શ્રી પ્રકાશભાઈ જૈન (મલાડ) તથા શ્રી રમેશભાઈ મહેતા (સલાલ) વિધિવિધાનમાં સહયોગ પ્રદાન કરશે.

શિવપુરી મુમુક્ષુમંડળના અનુરોધથી શ્રી ગિરનારીલાલ જૈન તથા શ્રીમતી સાવિત્રીબહેન જૈનને વિધિનાયક ભગવાનનાં માતાપિતા થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

અહો ! અમારા મહાભાગ્ય છે કે પૂજ્ય કહાનગુરુદેવના તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પુનીત ધર્મોપકાર-પ્રતાપથી આ પંચકલ્યાણક પ્રતિષ્ઠા-મહોતસ્વ ઊજવવાનો અમને જીવનનો એક વિરલ અવસર પ્રાપ્ત થયો છે. આથી નિજકલ્યાણના નિમિત્તભૂત એવા આ અનુપમ સમારોહને સાનંદોલ્લાસ ઊજવવામાં સહભાગી થવા માટે આપ સર્વેને પુનઃ પુનઃ હાર્દિક નિમંત્રણ છે.

નિમંત્રક :

શ્રી સીમંધર-કુંદકુંદ-કહાન દિગંબર જૈન મંદિર ટ્રસ્ટ

અધ્યક્ષ : ગિરનારીલાલ જૈનના સાદર જયજિનેન્દ્ર

શિવપુરી (મ.પ્ર.) PIN-473551

✆ : (07492) 33779, 32309

સૂચના :–(૧) પ્રતિષ્ઠા મંડપમાં શ્રી જિનબિંબ બિરાજમાન કરવાની, ધર્મધ્વજારોહણ તથા પંચપરમેષ્ઠિ-મંડલવિધાનના ઇન્દ્રોની બોલી તા. ૧૫-૧-૨૦૦૩, બુધવારના દિવસે તથા (૨) પંચકલ્યાણક-પ્રતિષ્ઠાના સૌધર્માદિ ઇન્દ્રો, કુબેર આદિની બોલી તા. ૧૬-૧-૨૦૦૩, ગુરુવારના દિવસે બોલાશે.

# ❀ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ❀

❀ એક સમયની પર્યાય સત્ છે, સ્વતંત્ર છે, જે કાળે જે પર્યાય થવાની તે પર્યાય પોતાના ષટ્કારકની ક્રિયાથી સ્વતંત્ર થવાની, પણ એનો નિર્ણય કઈ રીતે થાય ? એ નિર્ણયનું તાત્પર્ય શું ? વીતરાગતા તાત્પર્ય છે. એ વીતરાગતા ક્યારે થાય ?—કે એનું લક્ષ ને દૃષ્ટિ પર્યાયના કર્તાપણાની બુદ્ધિથી, પર્યાયના ફેરફાર કરવાની બુદ્ધિથી ખસીને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ઉપર જાય ત્યારે નિઃસંદેહ નિર્ણય થતાં પરિણામમાં અંશે નિર્મળતા ને વીતરાગતા થાય. એ સાચા નિર્ણયનું ફળ ને તાત્પર્ય છે. આહાહા ! શું વીતરાગની વાણી ! ચારેકોરથી એક સત્ જ ઊભું થાય છે. ૨૭૧.

❀ પર્યાયબુદ્ધિ છોડકર જ્ઞાયકકી પ્રતીત કરના વહ ક્રમબદ્ધકા ફલ હૈ. ૨૭૨.

❀ શ્રોતા :–આત્માનો મહિમા કેવી રીતે આવે ?

પૂજ્ય ગુરુદેવ :–આત્મા વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયક છે તે અનંતગુણનો પિંડ છે, એ આખું પૂર્ણતત્ત્વ ત્રિકાળી અસ્તિરૂપ છે, એનું સ્વરૂપ, એનું સામર્થ્ય અગાધ ને આશ્ચર્યકારી છે, તેને સમજે તો આત્માનો મહિમા–માહાત્મ્ય આવે અને રાગનું માહાત્મ્ય છૂટી જાય. આત્મવસ્તુ કેવા અસ્તિત્વવાળી છે, કેવા કેવા સામર્થ્યવાળી છે, એનું સ્વરૂપ રુચિપૂર્વક ખ્યાલમાં લ્યે તો એનું માહાત્મ્ય આવે ને રાગનું ને અલ્પજ્ઞતાનું માહાત્મ્ય છૂટી જાય. એક સમયની કેવળજ્ઞાનની પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણવાના સામર્થ્યવાળી છે તે પણ ક્ષણે ક્ષણે નવી નવી થાય છે તો તેને ધરનાર ત્રિકાળી દ્રવ્યનું સામર્થ્ય કેટલું ? એમ આત્માના આશ્ચર્યકારી સ્વભાવને ખ્યાલમાં બરાબર લ્યે તો આત્માનો મહિમા આવે. ૨૭૩.

❀ પ્રભુ ! સાંભળ તો ખરો ! તારી પ્રભુતા તો જો ! વ્યવહારના શુભ રાગની પર્યાય તો કયાંય રહી ગઈ, પણ વીતરાગ નિર્મળ દશારૂપ મુનિપર્યાયનો પણ જેમાં અભાવ છે એવી તારી ધ્રુવ જ્ઞાયક પ્રભુતા છે. નિર્મળ પર્યાય પણ વ્યવહારનયનો વિષય છે અને સમસ્ત પર્યાયથી રહિત એવું ધ્રુવ જ્ઞાયક દ્રવ્ય તે નિશ્ચયનયનો વિષય છે. આહાહા ! આત્મા મુનિ છે અથવા કેવળજ્ઞાની છે—એવો પર્યાયનો ભેખ પણ ધ્રુવ જ્ઞાયકમાં નથી. કેવળજ્ઞાન પણ પૂર્ણ નિર્મળ પર્યાય છે, જ્ઞાનની પૂર્ણ પર્યાયવાળો પણ આત્મા નથી. એ પર્યાય ધ્રુવ દ્રવ્યનો વેશ નથી. આત્મા તો ધ્રુવ ગુણસ્વરૂપ સહજ જ્ઞાનની મૂર્તિ છે. ગજબની વાત છે નાથ ! આ જૈનદર્શન — વસ્તુદર્શન છે. ૨૭૪.

## ❀ ભક્તિ કરતાં વિશેષ શુભભાવ શાસ્ત્ર-વાંચન વિચારમાં ❀

મોક્ષમાર્ગપ્રકાશકમાં ટોડરમલ્લજીએ તો કહ્યું છે કે એકલી ભક્તિના શુભરાગમાં રહો તેના કરતાં કરણાનુયોગ આદિના વાંચન, વિચારમાં રહો તો ભક્તિ કરતાં પણ વિશેષ શુભભાવ થશે પણ એ વાત જીવોને બેસતી નથી.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

❀ ❀ ❀


If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334



KAHAN DAR...
NEAR PRAVACHAN MANDAP
SONGADH 364250